
# યોગીજી મહારાજ

# અનુક્રમણિકા


૧. ઝીણાભાઈનો જન્મ ..... ૧
૨. ધ્યાનમગ્ન ઝીણાભાઈ ..... ૨
૩. નીડર સત્યવક્તા ..... ૩
૪. આદર્શ વિદ્યાર્થી ..... ૪
૫. સમયનો સદુપયોગ ..... ૭
૬. ઠાકોરજીની સેવા ..... ૭
૭. મને સાધુ બનાવો ..... ૯
૮. ઝીણાભાઈ જૂનાગઢમાં ..... ૧૦
૯. જાગા ભક્તનાં દર્શન ..... ૧૨
૧૦. શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન ..... ૧૩
૧૧. હું તો સેવક છું ..... ૧૫
૧૨. તપસ્વી ઝીણા ભગત ..... ૧૬
૧૩. કૃષ્ણજી અદાના આશીર્વાદ ..... ૧૯
૧૪. નિઃસ્પૃહી સંત ..... ૧૯
૧૫. માન-અપમાનમાં એકતા ..... ૨૧
૧૬. સેવામય સંત ..... ૨૨
૧૭. સાચા સાધુ ..... ૨૪
૧૮. મંદિરની સેવામાં ..... ૨૬
૧૯. 'શ્રીજી-સ્વામી વશ છે' ..... ૨૭
૨૦. પરાભક્તિ ..... ૨૯
૨૧. સર્પદંશ ..... ૩૦
૨૨. અક્ષર મંદિરના મહંત ..... ૩૨
૨૩. ગુરુભક્તિ ..... ૩૩
૨૪. શાસ્ત્રીજી મહારાજ પ્રગટ છે ..... ૩૪
૨૫. યુવક મંડળો અને સત્સંગ સભા ..... ૩૫
૨૬. યુવકો સાથે યોગીરાજ ..... ૩૬
૨૭. યુવાનોને દીક્ષા ..... ૩૮
૨૮. યોગીજી મહારાજનું કાર્ય ..... ૩૯
૨૯. અંધારખંડને અજવાળ્યો ..... ૪૪
૩૦. સ્વાગત અને વિદાય ..... ૪૫
૩૧. યોગીજીને શું ગમે ? ..... ૪૭
૩૨. યોગીજી મહારાજનો ઉપદેશ ..... ૪૮
૩૩. પ્રમુખસ્વામી મહારાજ ..... ૫૦




# ૧. ઝીણાભાઈનો જન્મ

કાઠિયાવાડના અમરેલી જિલ્લામાં ધારી નામનું નાનું શહેર છે. ત્યાં દેવચંદભાઈ વસાણી નામના લુહાણા હરિભક્ત રહે. દેવચંદભાઈના દાદા જેઠાભાઈ શ્રીજીમહારાજના કૃપાપાત્ર ભક્ત હતા.

સંવત ૧૯૪૮ના વૈશાખ વદિ બારશને દિવસે ધારીમાં યોગીજી મહારાજનો જન્મ થયો હતો. તેમની માતાનું નામ પુરીબાઈ તથા પિતાનું નામ દેવચંદભાઈ. તેમનું બાળપણનું નામ ઝીણાભાઈ હતું, પરંતુ માતા-પિતા વહાલથી તેમને 'ઝીણો' કહીને જ બોલાવતાં. ઝીણો સૌને વહાલો લાગે. તેના રૂપાળા, તેજસ્વી મોઢા સામું જે કોઈ જુએ તેને ઝીણો ગમી જાય.

ઝીણો સાવ નાનો હતો ત્યારે તેમની માતા ઝીણાને સાથે લઈને ખેતરમાં કપાસનાં કાલાં વીણવા જાય. પુરીબાઈ સાથે ગામની બીજી સ્ત્રીઓ પણ પોતાનાં બાળકોને લઈને કપાસનાં કાલાં વીણવા જાય. બધી સ્ત્રીઓ પોતાનાં બાળકોને ઝાડના છાંયામાં સુવાડીને ખેતરમાં કાલાં વીણે. બધાં બાળકો પોતાની માને ન જુએ એટલે મોટેથી રોવા લાગે.

ખેતરનો માલિક તો ગુસ્સે થઈ જાય. દરેક બાળકની માને ખેતરનો



માલિક વઢે અને કહે: ‘આ તમારાં રોતલ છોકરાંઓને લઈને શું કામ ખેતરે આવો છો?’ આમ રોજ કહે, પણ ઝીણાની માને તો ક્યારેય વઢે નહીં. ક્યારેય ગાળો દે નહીં.

ઝીણાને જોઈને ખેતરનો માલિક રોજ કહે: ‘આ ઝીણો બહુ ચમત્કારિક બાળક છે. એ ક્યારેય રડે નહીં અને જુઓ, શ્રીકૃષ્ણ ભગવાનની જેમ, કાયમ જમણા પગનો અંગૂઠો ચૂસ્યા કરે છે. પુરીબાઈ! તમારો ઝીણો મોટો થશે ત્યારે સૌ કોઈ તેને પગે પડશે. બધા એની પૂજા કરશે, એને વંદન કરશે.’

ધીમે ધીમે ઝીણો મોટો થતો ગયો. બધા તેમને ઝીણાભાઈ કહેવા લાગ્યા. ઝીણાભાઈને પહેલેથી જ સાદાઈ અને ચોખ્ખાઈ બહુ ગમે. ભક્તિ અને ભજન સિવાય તેમને બીજામાં મજા જ ન પડે.


## ૨. ધ્યાનમગ્ન ઝીણાભાઈ

ધારી ગામને પાદર ત્રણ નદીઓ ભેગી થાય છે. એ શેત્રુંજી નદીનો ત્રિવેણી સંગમ કહેવાય છે. ત્રણ નદીઓ ભેગી મળી એક બને છે. નદી પર એક પુલ છે. પુલ પાસે પહોંચતાં આ નદી સાંકડી થઈ જાય. પુલ નીચે પહોંચતાં તો એક ઝરણા જેવી બની જાય. ધારી ગામના લોકો તેને ‘પાતાળિયો’ ઝરો કહે છે.

બસ, એ જ જગ્યાએ, પુલ પાસે રોજ સવારે ઝીણાભાઈ નાહવા જાય. ઝરામાં નાહીને ચોખ્ખાં વસ્ત્રો પહેરે. પછી પલાંઠી વાળીને ધ્યાન કરવા બેસી જાય. ઘણા સમય સુધી ઝીણાભાઈ ધ્યાનમાં મસ્ત રહે. ધ્યાનમાં શ્રીજી-મહારાજની મૂર્તિ જોયા કરે. શ્રીજીમહારાજને સંભાર્યા કરે.

ઋષિઓના તપોવન જેવા આ એકાંત સ્થળમાં જે કોઈ ઝીણાભાઈને ધ્યાન કરતા જુએ, તેને એમ જ લાગે કે જાણે ધ્રુવજી ધ્યાનમાં બેઠા ન હોય! નાનકડા ઝીણાભાઈને જે કોઈ ધ્યાન કરતા જુએ તે સ્થિર થઈ જાય, આશ્ચર્યમાં ડૂબી જાય!

ક્યારેક ઝીણાભાઈના બાળમિત્રો પણ નાહવા આવે. તેઓ જ્યારે ઝીણાભાઈને ધ્યાનમગ્ન જુએ, ત્યારે નવાઈ જ પામી જાય. કેટલીય વાર સુધી તેમના બાળમિત્રો રાહ જોઈને ઊભા રહે. ઝીણાભાઈ ધ્યાનમાંથી જાગે, આંખો ખોલે, ત્યારે તેઓ પૂછે: ‘આ શું કરો છો?’




ઝીણાભાઈ જવાબ આપે: 'ભગવાનને સંભારું છું. તમેય મારી સાથે બેસી ધ્યાન કરો. હું તમનેય ધ્યાન ધરતાં શીખવાડીશ.'

નાનપણમાંય ઝીણાભાઈ રોજ સવારે ધ્યાન કરે. તેઓ સૌને શીખવાડે છે કે સૌએ સવારે શ્રીજીમહારાજનું સ્મરણ કરીને, શ્રીજીમહારાજનું ધ્યાન કરીને, પછી જ બીજું કામ કરવું.

## ૩. નીડર સત્યવક્તા

ઝીણાભાઈ પાંચમા ધોરણમાં ભણે. શાળાના હેડમાસ્તરનું નામ ત્રિભોવનદાસ. હેડમાસ્તર મિજાજે બહુ ક્રોધી. એક વખત ચંદુ નામના છોકરાને ત્રિભોવનદાસે વગર વાંકે માર્યો. ચંદુને મૂઢ માર માર્યો અને બાવડે ઝાલીને પછાડ્યો. ઝીણાભાઈથી આ જોવાયું નહીં. તેમને ચંદુની દયા આવી. તેઓ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરવા લાગ્યા. બધાં બાળકો બીકનાં માર્યાં આઘાંપાછાં ચાલ્યાં ગયાં.

મૂઢ મારને લીધે ચંદુ મરી ગયો. ચંદુના બાપાએ વડા અધિકારીને અરજ કરી, તપાસ કરવા વિનંતી કરી. તેથી વડા અધિકારી શાળામાં પૂછપરછ કરવા આવ્યા. પણ હેડમાસ્તરનું નામ કોણ આપે?



વડા અધિકારીએ વર્ગનાં બધાં બાળકોને પૂછ્યું, પણ કોની હિંમત ચાલે ? ઝીણાભાઈ તો હંમેશાં સાચું જ બોલે. સાચું બોલવામાં બીક શાની ? ઝીણાભાઈ હેડમાસ્તરથી જરાય બીતા નહીં. તેમણે નીડરતાથી વડા અધિકારીને જવાબ આપ્યો: 'અમારા હેડમાસ્તરે વગર વાંકે ચંદુને મૂઢ માર માર્યો છે. ચંદુને બાવડે ઝાલીને પછાડ્યો છે.'

પછી તો બધાં બાળકોમાં હિંમત આવી. બધાં બાળકો બોલી ઊઠ્યાં: 'હા, સાહેબ ! હેડમાસ્તરે જ ચંદુને માર્યો છે.'

વડા અધિકારીએ જોયું તો ઝીણાભાઈના કપાળમાં તિલકચાંદલો; મોઢા પર નિર્દોષતા અને સચ્ચાઈ. તેમને ઝીણાભાઈની વાત સાચી લાગી. તરત જ તેમણે હેડમાસ્તરને બરતરફ કર્યા. ઝીણાભાઈને સાચું કહેવા બદલ ઈનામ આપ્યું.

સત્યનો જ જય થાય છે. માટે આપણે પણ સાચું બોલતાં ડરવું નહીં. બાળપણથી જ સાચું બોલવાની ટેવ પાડવી.

## ૪. આદર્શ વિદ્યાર્થી

ઝીણાભાઈ ભણવામાં બહુ હોશિયાર. દરેક ધોરણમાં પહેલો જ નંબર આવે. ઈનામ પણ બહુ મળે. વર્ગમાં સૌથી હોશિયાર ઝીણાભાઈ.

કેટલાક ઠોઠ વિદ્યાર્થીઓ ઝીણાભાઈની બાજુમાં બેસે. તેમની પાટીમાંથી

લેસન જોવા પ્રયત્ન કરે.

કેટલાક ઠોઠ નિશાળિયાઓ ઝીણાભાઈને ડોળા કાઢીને કહે: 'લખી લો એટલે અમને તમારા જવાબ પાટીમાંથી કહેજો.'


ઝીણાભાઈ હસતાં હસતાં કહે: 'હા, કહીશું ભાઈ કહીશું! મારી પાટી આમ રાખીશ એટલે તમે જોઈ લેજો.'

શિક્ષક દાખલા ગણાવે ત્યારે ઝીણાભાઈ તો ઘડીકમાં દાખલો ગણી લે. ગણીને તરત જ પાટી ઊંધી વાળી દે. બાજુમાં બેઠેલા ઠોઠ નિશાળિયા હળવેથી ઝીણાભાઈને પૂછે: 'લેખામાં શું આવ્યું?' પણ ઝીણાભાઈ ચૂપચાપ બેસી રહે. કાંઈ બોલે નહીં. કોઈ કોઈ વિદ્યાર્થી તો વળી કહે: 'ઝીણા! બતાવ તારી પાટી, નહીં તો મારીશું.'

ઝીણાભાઈ નીડરપણે કહી દે: 'તમે ગણો ને! મારું ખોટું હશે તો તમારું પણ ખોટું પડશે.'

બીજાં બાળકો ઝીણાભાઈની પાટીમાંથી જોઈ લે, ચોરી કરીને લખી લે, તે ઝીણાભાઈને ગમે નહીં. ઝીણાભાઈ કહે: 'ચોરી કરીને બીજાની પાટીમાંથી ન લખાય. બીજામાંથી ચોરી કરીએ તો ભગવાનને છેતર્યા કહેવાય.'





આમ, ઝીણાભાઈ બધાને ભણી-ગણીને હોશિયાર થવા શીખવે, પણ ચોરી ન કરવા દે.

## ૫. સમયનો સદુપયોગ

બપોરે બે વાગે એટલે શાળામાં અડધો કલાક છુટ્ટી મળે. છુટ્ટીમાં બધા છોકરાઓ રમત રમે. ખોખો, સાતતાળી, સંતાકૂકડી, આમલી-પીપળી રમતો રમાય. ઝીણાભાઈને રમતમાં બહુ રસ નહીં. તેમને તો નાનપણથી જ ભગવાન ભજવા ગમે. બધા છોકરાઓ રમતો રમતા હોય ત્યારે ઝીણાભાઈ કોઈક ખૂણામાં અથવા ઝાડ નીચે બેસીને ભગવાનનું ભજન કરે. ભગવાનને સંભારે.

બીજા છોકરાઓને થાય: 'આ ઝીણો શું કરતો હશે ?'

ઝીણાભાઈના શિક્ષકોને પણ મનમાં થાય કે 'આ ઝીણો શું કરતો હશે ?'

એક દિવસ તેમની શાળાના બે શિક્ષકોએ ઝીણાભાઈને ઝાડ નીચે ધ્યાનમાં બેઠેલા જોઈને પૂછ્યું: 'ઝીણા ! તું રમત-ગમત કરતો નથી. આખો દિવસ ભગવાન સંભારે છે. વૈરાગ્ય બહુ પાળે છે, તો પછી સાધુ જ થઈ જા ને !'

'હા, સાધુ થઈશ.' એટલો જવાબ આપીને પાછા હસતાં હસતાં ભગવાનનું ભજન કરવા લાગ્યા. ઝીણાભાઈના શિક્ષકોને ક્યાં ખબર હતી કે ઝીણાભાઈ સાચે જ સાધુ થઈને, મોટા થતાં દુનિયામાં પૂજાશે !


ઝીણાભાઈને નવરાશ મળે તો સમય બગાડવો ન ગમે. તેમને તો ભજન કરવું જ ગમે.

આપણે પણ સમય ન બગાડવો. ભગવાનની ભક્તિ જ કરવી.

## ૬. ઠાકોરજીની સેવા

ધારીના મંદિરની સેવા ઝીણાભાઈના કાકા મોહનભાઈ કરતા. મોહન-કાકા હવે વૃદ્ધ થયા હતા. વારંવાર માંદા પડી જાય. માંદા પડે ત્યારે ઠાકોરજીની સેવા બરાબર થાય નહીં. મોહનકાકાને થાય કે 'કોઈ સારો ભક્ત સેવા કરનારો મળે તો બહુ સારું.' તેવામાં તેમની નજર ઝીણાભાઈ ઉપર ઠરી. તેમણે ઝીણાભાઈને સેવા કરવા પૂછ્યું.

ઝીણાભાઈ તો રાજી રાજી થઈ ગયા. ઝીણાભાઈ ખૂબ આનંદમાં આવી



ગયા. તેમણે કહ્યું : 'મોહનકાકા ! ચિંતા ન કરશો, હું ઠાકોરજીની સેવા કરીશ.'

તે જ દિવસથી ઝીણાભાઈ ઠાકોરજીની સેવા કરવા લાગ્યા. ઠાકોરજીને નવરાવે, ચંદન ચર્ચે, કુંકુમનો ચાંદલો કરે, અગરબત્તીનો ધૂપ કરે. ઠાકોરજી પાસે દીવા પ્રગટાવે, આરતી કરે. આમ, શ્રદ્ધાથી પૂજા કરે.

વળી, કૂવામાંથી પાણી સીંચીને મંદિરના ફળિયામાં ફૂલ-ઝાડ ઉગાડ્યાં. વંડી પર ફૂલોની વેલ ઉગાડી. થોડા દિવસોમાં તો મંદિર ફૂલોની સુવાસથી મહેકવા લાગ્યું. ઝીણાભાઈ રોજ સવારે રંગબેરંગી ફૂલોની માળા ગૂંથે, ઠાકોરજીને પહેરાવે. નવી નવી વાનગીઓ બનાવી ઠાકોરજીને ધરે અને થાળ ગાય. જાણે બોલતાં-ચાલતાં ઠાકોરજી હોય, તેમ કાળજીથી સેવા કરે. મૂર્તિ સાથે વાતો કરે.

સવાર-સાંજ બાળમિત્રોને મંદિરે લઈ જાય. બધા પાસે ધૂન કરાવે. પોતે ભજન ગાય અને બધા આગળ ગવરાવે. સહુને આરતી, દંડવત્ કરતાં શીખવે. વળી, પ્રસાદ પણ આપે.


# ૭. મને સાધુ બનાવો

હવે તો ઝીણાભાઈ સવાર-સાંજ મંદિરમાં જ રહે. ઠાકોરજીની સેવા કરે. સંતો પધારે તેમની સેવા કરે. તેમની સેવાથી બધા સંતો રાજી થઈ જાય. તેમને આશીર્વાદ આપે.

ઝીણાભાઈએ સાતમા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો. તેવામાં જૂનાગઢથી સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી સંતમંડળ લઈને ધારી પધાર્યા. ધારીના મંદિરમાં ઉતારો કર્યો. ઝીણાભાઈ તો સંતોને જોઈને રાજી રાજી થઈ ગયા.

ઝીણાભાઈએ વહેલી સવારથી મોડી રાત સુધી બધી જ સેવા કરવા માંડી. વહેલા ઊઠી જલદી જલદી નાહી લે. પૂજા કરી સંતોની સેવામાં લાગી જાય. બધા સંતોને કૂવામાંથી પાણી સીંચી નવરાવે. મંદિર વાળી આપે. આસનો પાથરી દે. આમ, આખો દિવસ પ્રેમપૂર્વક સેવા કરે.

સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય સદ્‌ગુરુ માધવચરણદાસ સ્વામીના શિષ્ય હતા. તેમણે ઝીણાભાઈની ભક્તિ જોઈ. થાકી જાય તો પણ સેવા કરે એ જોયું. તેઓ તો ઝીણાભાઈની સેવા અને ભક્તિ જોઈને પ્રસન્ન થઈ ગયા.



એક દિવસ સવારે તેમણે ઝીણાભાઈને પ્રસાદ આપ્યો અને પૂછ્યું: ‘ઝીણા ! સાધુ થઈશ ?’

ઝીણાભાઈ આનંદમાં આવી ગયા. નિર્દોષતાથી તેમણે જવાબ આપ્યો: ‘હા સ્વામી ! સાધુ બનાવો તો સારું; મારી એ જ ઇચ્છા છે. ઘણા દિવસથી મને થતું હતું કે તમને આ વાત કહું. ત્યાં તો આજે તમે જ મારા મનની વાત કહી દીધી. સ્વામી, મને સાધુ બનાવો. સાધુ બનીને મારે તો આપની અને ઠાકોરજીની સેવા જ કરવી છે.’

સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીએ આશીર્વાદ આપ્યા અને કહ્યું: ‘તારી ઇચ્છા પૂર્ણ થશે.’

## ૮. ઝીણાભાઈ જૂનાગઢમાં

ત્યારબાદ એક વર્ષ પછી ઝીણાભાઈને માતા-પિતાની રજા મળી. માતા પુરીબાઈએ છેલ્લી વાર કંસાર કરીને ઝીણાભાઈને જમાડ્યા. કપાળમાં ચાંદલો કર્યો. રૂડા આશિષ આપી વિદાય આપી.

સંવત ૧૯૬૫ના કારતક સુદ સાતમે ઝીણાભાઈએ ઘરનો ત્યાગ કર્યો અને મોટાભાઈ કમળશીભાઈ સાથે જૂનાગઢ જવા નીકળ્યા. બીજે દિવસે



જૂનાગઢમાં સદ્ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીને મળ્યા.


સંવત ૧૯૬૫ના કારતક સુદ ૧૪ને દિવસે સદ્ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીએ તેમને પાર્ષદ દીક્ષા આપી. હવે તેઓ ઝીણા ભગત બન્યા. ઝીણા ભગત મંદિરની દરેક સેવા કરવા લાગ્યા.

તે વખતે મંદિરની ગાયો, ભેંસો ચરાવવા જવાનું કામ પાર્ષદો કરતા. ઝીણા ભગત પણ બીજા પાર્ષદોની જોડમાં ગિરનારની તળેટીમાં ગાયો, ભેંસો ચરાવવા જતા.

ગાયો ચરતી હોય ત્યારે ઝીણા ભગત કીર્તનો લલકારે. સ્વામીની વાતો મોઢે કરે. ગાયો પણ ઝીણા ભગત સાદ પાડે કે તરત દોડતી આવે, તેમને વીંટળાઈ વળે.

સાંજે ગાયો, ભેંસોનાં ધણ લઈ ઝીણા ભગત પાછા આવે. પાછા આવતાં રસ્તામાંથી બાવળનાં દાતણ કાપે. ત્રણસો દાતણની મોટી ઝૂડી તૈયાર કરી સાથે લેતા આવે. વળી, રોજ સવારે છાણ, વાસીદું વાળવાનું તથા છાણાં થાપવાનું તો ખરું જ.

ગમે તેટલો થાક લાગ્યો હોય તો પણ રોજ રાતની કથામાં હાજર. ધૂન પોતે જ બોલાવે. કીર્તનો પણ ગાય. મોડે સુધી કથામાં બેસે ને વળી પાછા બીજે દિવસે ગુરુની સેવા કરવા વહેલા ચાર વાગે ઊઠી જાય. આ એમનો



નિત્યક્રમ. આવી રીતે સેવા કરી સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીને રાજી કરી લીધા.


આપણે પણ સંતોની સેવા કરી તેમને રાજી કરવા જોઈએ.

## ૯. જાગા ભક્તનાં દર્શન

તે વખતે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય કૃષ્ણજી અદા તથા પૂજાજી બાપુ જૂનાગઢ વારંવાર આવતા. ઝીણા ભગત એમની પાસે કથા સાંભળવા બેસે. કૃષ્ણજી અદા ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય જાગા ભક્તના મહિમાની ઘણી વાતો કરે.

આવી કથા ઘણા દિવસ સાંભળી. એક દિવસ સાંજે મનમાં વિચાર આવ્યો: 'સ્વામી જાગા ભક્ત કેવા મહાન હશે?' અને એ જ વિચારમાં તેઓ સૂઈ ગયા.

તે જ રાત્રે બે વાગે એક સુંદર સ્વપ્નું આવ્યું. મંદિરની જાળી પાસે, ઝીણા ભગત સૂતા હતા ત્યાં તેમને સ્વામી જાગા ભક્તનાં દર્શન થયાં. જાગા ભક્તે ફેંટો બાંધ્યો હતો. કછોટો મારીને ધોતિયું પહેર્યું હતું.



સ્વપ્નમાં પણ ઝીણા ભગતે ઊઠીને બે દંડવત્ પ્રણામ કર્યા. ત્યાં જાગા ભક્ત બોલ્યા: 'દંડવત્ રાખો.'

પછી ઝીણા ભગતે કહ્યું: 'જાગા સ્વામી! તમે મારા અંતરની ઇચ્છા આજે પૂરી કરી. મને દર્શન આપ્યાં. મને આજે બહુ આનંદ થાય છે. કંઈ ઉપદેશ આપો તો સારું.'

આ સાંભળી જાગા ભક્ત બોલ્યા: 'તમારે બે વાત સમજવી. એક તો સત્શાસ્ત્રનું વ્યસન રાખવું, અને બીજું, સારા સાધુનો સંગ રાખવો.'

ત્યારપછી ઝીણા ભગતે સ્વપ્નમાં વારંવાર જાગા ભક્તને દંડવત્ કર્યા.

સત્શાસ્ત્રનું વ્યસન એટલે વચનામૃત, સ્વામીની વાતું, શિક્ષાપત્રી, ભક્તચિંતામણિ, હરિલીલામૃત જેવા ગ્રંથો નિયમિત વાંચવા.

સારા સાધુનો સંગ એટલે શાસ્ત્રીજી મહારાજ (સ્વામીશ્રી યજ્ઞપુરુષ-દાસજી) જેવા સત્પુરુષનો સમાગમ કરવો.

આપણે પણ આ બે ટેવ પાડી ગુરુજી જેવા મહાન થઈએ.

## ૧૦. શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન


ઝીણા ભગત કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળમાં હતા. સદ્ગુરુ કૃષ્ણ-ચરણદાસ સ્વામી પોતાનું સંતમંડળ લઈ રાજકોટ આવ્યા. ઝીણા ભગત પણ સાથે જ.

તેવામાં એક દિવસ શાસ્ત્રીજી મહારાજ રાજકોટ પધાર્યા. તેમણે રાજકોટમાં કૃષ્ણજી અદાને ઘેર ઉતારો કર્યો.

ઝીણા ભગતને આ સમાચાર મળ્યા. તેમને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. તેથી વહેલી સવારે આજી નદીમાં નાહવા જવાને બહાને ત્રણ સંતો સાથે ઝીણા ભગત કૃષ્ણજી અદાને ઘેર ગયા.

શાસ્ત્રીજી મહારાજ ચાર વાગે ઊઠ્યા. જાદવજીભાઈએ શાસ્ત્રીજી મહારાજને વાત કરી કે સંતો દર્શન કરવા આવ્યા છે.

સંતો જે ઓરડામાં બેઠા હતા, તે ઓરડામાં શાસ્ત્રીજી મહારાજ દર્શન દેવા પધાર્યા. ઝીણા ભગતે તથા સંતોએ શાસ્ત્રીજી મહારાજને દંડવત્ પ્રણામ કર્યા, પગે લાગ્યા. પછી ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની માળા અને તુંબડી, શાસ્ત્રીજી મહારાજને ભેટ ધર્યાં. શાસ્ત્રીજી મહારાજ અતિશય



શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન

પ્રસન્ન થયા.

ઝીણા ભગત શાસ્ત્રીજી મહારાજના મુખારવિંદ સામે જ જોયા કરે. શાસ્ત્રીજી મહારાજ પણ તેમના પર કૃપાદૃષ્ટિ નાખતા રહે.

ઝીણા ભગતને મનમાં વિચાર આવ્યો: ‘ગુરુ તો શાસ્ત્રીજી મહારાજને જ કરવા.’ ઝીણા ભગતે મનોમન શાસ્ત્રીજી મહારાજને ગુરુ કરી લીધા.

આ પ્રમાણે સંવત ૧૯૬૬ના શ્રાવણ સુદ ૭ને શુભ દિવસે ઝીણા ભગતનું શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન થયું. જાણે ગંગા-સાગરનું પ્રથમ મિલન ન હોય!


## ૧૧. હું તો સેવક છું

થોડો સમય રાજકોટ રહીને સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી મંડળ લઈને ગામડે ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં સરધાર પાસે હજડિયાળા ગામે પધાર્યા. ગામમાં સ્વામિનારાયણ મંદિર નહીં. સંતોએ ગામના ચોરે ઉતારો કર્યો.

બપોરનો સમય હતો. કથા કરીને બધા સંતો થોડી વાર આરામ કરવા પોઢી ગયા. ઝીણા ભગત સેવામાંથી પરવારીને ઘડીક આરામ કરવા સૂતા. લાંબા પગ કરીને સૂતા હતા ત્યાં એક ગરાસિયા હરિભક્ત આવ્યા. ગરાસિયા હરિભક્ત જ્યોતિષ-શાસ્ત્રના વિદ્વાન તથા સામુદ્રિક ચિહ્‌નના જાણકાર હતા. તેમની નજર ઝીણા ભગતના પગના તળિયા ઉપર પડી. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમણે ક્યારેય કોઈના પગમાં આવી ચમત્કારિક રેખાઓ જોઈ નહોતી.

ગરાસિયા ભક્તને આવકાર આપવા ઝીણા ભગત બેઠા થઈ ગયા. ગરાસિયા ભક્ત તો બોલ્યા: ‘અહો ઝીણા ભગત! તમે તો મહાન સદ્‌ગુરુ થશો. લાખો મનુષ્યો તમારી પાછળ ફરશે. તમારી સેવા કરવા માટે પ્રાર્થના કરશે. શ્રીજીમહારાજ તમારાથી એક ક્ષણ પણ જુદા નહીં થાય. તમારા પગમાં ઊર્ધ્વરેખા છે. ઊર્ધ્વરેખાવાળા સત્પુરુષ તો કોઈક જ હોય અને તેવા સત્પુરુષ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય.’

આ શબ્દો સાંભળી ઝીણા ભગતે તરત જ પગ ઢાંકી દીધો અને બોલ્યા: ‘એવું બોલો મા. હું તો સેવક છું. સદ્‌ગુરુ તો આ કૃષ્ણચરણદાસ સ્વામી છે. કોઈને એવી વાત ન કરવી.’



પરંતુ ગરાસિયા ભક્તે તો આ વાત કૃષ્ણચરણદાસ સ્વામીને પણ કરી.

આ સાંભળી કૃષ્ણચરણદાસ સ્વામી હસતાં હસતાં બોલ્યા: ‘હા, એ ભગત મહાન થાય એવાં જ એમનાં લક્ષણો છે.’

## ૧૨. તપસ્વી ઝીણા ભગત

મેંગણી ગામના દરબાર બહુ સારા ભક્ત હતા. દર વર્ષે અન્નકૂટનો ઉત્સવ પોતાને ગામ કરાવે. સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી અન્નકૂટનો ઉત્સવ કરવા દર વર્ષે મેંગણી જાય.

એક વખત લોધિકાના દરબારે બહુ પ્રેમપૂર્વક સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીને અન્નકૂટ-ઉત્સવ કરવા લોધિકા આવવા આમંત્રણ આપ્યું. લોધિકાના દરબાર બહુ મોટા ભક્તરાજ. તેમણે અન્નકૂટની મોટી તૈયારી કરાવી. બધા સંત-પાર્ષદો સવારથી સાંજ સુધી અન્નકૂટની મીઠાઈઓ બનાવવાની સેવા કરે.

અન્નકૂટનો દિવસ હતો. દરબારે સાટા, જલેબીની રસોઈ કરાવી. ઝીણા ભગતને તપ, ઉપવાસ કરવા બહુ ગમે. આજે સાટા, જલેબીની રસોઈ

છે એમ તેમને ખબર પડી. તેમણે ઉપવાસ કર્યો. બધા સંતો જમવા ગયા. પરંતુ ઝીણા ભગત ગયા નહીં.


દરબાર સાહેબને ખબર પડી કે નાના ઝીણા ભગતને આજે ઉપવાસ છે. તેમણે ઝીણા ભગતને કહ્યું: 'આજે તો તહેવાર કહેવાય. નવા દિવસોમાં ઉપવાસ ન કરાય. તમે જમી લો.' એમ ઘણો આગ્રહ કર્યો.


પરંતુ ઝીણા ભગતે તો 'મને પેટમાં દુઃખે છે, મને ભૂખ નથી લાગી, માટે જમવું નથી' એવું બહાનું કાઢ્યું અને જમ્યા નહીં.

તેથી દરબારે સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજીને વિનંતી કરી કે 'નાના ઝીણા ભગતને કહો કે જમી લે.'

સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીએ ઝીણા ભગતને જમવા માટે પૂછ્યું. ઝીણા ભગતે ફરીથી તે જ ઉત્તર આપ્યો. જમ્યા નહીં. આવાં સુંદર પકવાનો છોડીને ઝીણા ભગતે ઉપવાસ કર્યો.

ઝીણા ભગતની તપ અને ત્યાગની ભાવના જોઈ સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા. રાત્રે ઝીણા ભગતને પોતાની પાસે બોલાવી, માથે બે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. બધા નાના સંતોને તેમના જેવા તપસ્વી થવાનો ઉપદેશ આપ્યો.





## ૧૩. કૃષ્ણજી અદાના આશીર્વાદ

સંવત ૧૯૬૭ના ચૈત્ર સુદ તેરસને દિવસે સવારે આચાર્યશ્રી શ્રીપતિ-પ્રસાદજી મહારાજે ઝીણા ભગતને વડતાલમાં ખૂબ જ ધામધૂમથી ત્યાગીની દીક્ષા આપી અને 'જ્ઞાનજીવનદાસજી' નામ પાડ્યું, પરંતુ જૂનાગઢના સંત-હરિભક્તો તેમને 'યોગી' કહીને બોલાવતા. સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી તેમને 'જ્ઞાનજી સ્વામી' કહીને બોલાવતા.

સંવત ૧૯૬૭ના જ્યેષ્ઠ સુદ એકાદશીના સમૈયા પછી 'યોગીજી મહારાજ' સાત સંતો સાથે જૂનાગઢનું મંદિર છોડી શાસ્ત્રીજી મહારાજની સેવામાં પહોંચી ગયા અને અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવવાની સેવામાં જોડાયા.

સંવત ૧૯૬૯ના આસો સુદ એકાદશીનો દિવસ ને શનિવાર હતો. કૃષ્ણજી અદાને ધામમાં જવાને છેલ્લી ક્ષણો હતી. કૃષ્ણજી અદાએ શાસ્ત્રીજી મહારાજને તથા બીજા સંતોને છેલ્લા 'જય સ્વામિનારાયણ' કર્યા. પછી પૂછ્યું : 'જ્ઞાનજી સ્વામી ક્યાં છે ? તેમને મારી પાસે બોલાવો.'

ખૂણામાંથી ઊભા થઈ જ્ઞાનજી સ્વામી (યોગીજી મહારાજ) દંડવત્ કરી, હાથ જોડી પાસે આવી ઊભા રહ્યા.

પછી કૃષ્ણજી અદાએ યોગીજી મહારાજને પાસે બોલાવ્યા. માથે બે હાથ થોડી વાર ફેરવ્યા. આશીર્વાદ આપ્યા.

આ જોઈ નિર્ગુણદાસ સ્વામી બોલ્યા : 'યોગીજી મહારાજ ! તમારે માથે આ કૃષ્ણજી અદા હાથ નથી મૂકતા, પરંતુ ભગતજી મહારાજ, જાગા ભક્ત, એ સૌ હાથ મૂકે છે, એમ માનજો.'

એટલી વારમાં તો કૃષ્ણજી અદાની આંખમાં પ્રેમનાં આંસુ આવી ગયાં અને 'જય સ્વામિનારાયણ' કહી થોડી વારમાં અક્ષરધામમાં ચાલ્યા ગયા.

## ૧૪. નિઃસ્પૃહી સંત

યોગીજી મહારાજ તદ્દન નિઃસ્પૃહી. સાધુ નાના પણ કાંઈ ઈચ્છા થાય નહીં. આખો દિવસ કથા, કીર્તન, મુખપાઠ અને સેવામાં જ મગ્ન.

યોગીજી મહારાજ એક વખત ભાવનગર બિરાજે. એક મોટા હરિભક્તને

ત્યાં રાજમાર્ગ પર તેમનો ઉતારો. સાંજનું ટાણું હતું. યોગીજી મહારાજ મેડી ઉપર બેઠા બેઠા 'સ્વામીની વાતો' વાંચે.

તે દિવસે ભાવનગરના મહારાજાને ત્યાં લગ્નનો પ્રસંગ હતો. આખા શહેરમાં મોટી ધામધૂમ. ત્યાં રાજમાર્ગ પરથી મહારાજા સાહેબનો વરઘોડો નીકળ્યો. રસ્તાની બંને બાજુએ માણસો જોવા ઊભરાયા. બારીએ અને ઝરૂખે સૌ જોવા માટે લટકે. દૂરથી શરણાઈ અને ઢોલના અવાજ સંભળાય.

ત્યાં એકાએક એક હરિભક્ત મેડી ઉપર આવ્યા. તેમણે યોગીજી મહારાજને કહ્યું: 'ચાલો ચાલો, અહીં કેમ બેઠા છો? મહારાજા સાહેબનો વરઘોડો નીકળ્યો છે. જોવા જેવો છે. ચાલો બારીએ, જોવું નથી?'

ત્યારે યોગીજી મહારાજે કહ્યું: 'અમારે સાધુને શું? અમારે એવું જોઈને શું કામ છે? જે વસ્તુને એક વાર ત્યાગી, તેને ફરી હૈયામાં શા માટે પેસવા દેવી!'

પેલા હરિભક્ત તો આ નાનકડા સાધુની વૈરાગ્યભાવના જોઈને તેમનાં



ચરણોમાં નમી પડ્યા.

આવી સેવા અને સાધુતાના ગુણો હતા તેથી જ જૂનાગઢના સદ્‌ગુરુ નારાયણદાસ સ્વામીએ ત્રણ વખત કહેવરાવ્યું હતું કે 'જ્ઞાનજી સ્વામી ! જો આપ પાછા આવો, તો છેક જૂનાગઢથી જેતપુર તમારું સામૈયું કરવા આવું, અને વાજતે-ગાજતે તમને અહીં લઈ આવું.'

પણ જ્ઞાનજી સ્વામીને તો શાસ્ત્રીજી મહારાજ સાથે રહીને ઘણાં કાર્યો કરવાનાં હતાં.

એક વાર રાજકોટમાં તેમની કાંઈક નાની ભૂલ થઈ. તરત જ વિજ્ઞાનદાસ સ્વામી નામના એક સાધુ ગુસ્સે થયા. તેમણે યોગીજી મહારાજને જમતાં ઉઠાડી મૂક્યા. આ દૃશ્ય વઢવાણના એક હરિભક્ત હરગોવિંદદાસ મહેતાએ જોયું. તેમણે બપોરે ખાનગીમાં યોગીજી મહારાજને પૂછ્યું : 'યોગી ! આટલું બધું સહન કેમ કરો છો ? તમને ઘરે નાસી જવાનું મન નથી થતું ?'

યોગીજી મહારાજે હસતાં હસતાં કહ્યું : 'ગુરુ ઠપકો આપે તે આપણા સારા માટે જ હોય. શિક્ષા વિના ખટકો ન રહે. શિક્ષાથી આપણી ભૂલ સુધરે.'

હરગોવિંદભાઈ તો આ સાંભળી મુગ્ધ થઈ ગયા. તેઓ આ નાના સાધુનાં ચરણોમાં નમી પડ્યા.


## ૧૫. માન-અપમાનમાં એકતા

હવે યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના મંડળના સાધુ તરીકે ઓળખાતા. સંતમંડળ સાથે ફરતાં ફરતાં યોગીજી મહારાજ એક વખત કેરિયા ગામે પધાર્યા. ગામમાં આવી મંદિરમાં ઉતારો કર્યો. કેટલાક દ્વેષી સાધુઓને ખબર પડી કે 'શાસ્ત્રીજી મહારાજના સંતો મંદિરમાં ઊતર્યા છે.'

તે દિવસે યોગીજી મહારાજને ઉપવાસ હતો. બધા સંતો બપોરના આરામ કરતા હતા. એકલા યોગીજી મહારાજ મંદિરમાં જાગે. એવામાં કેટલાક દ્વેષી સાધુઓ મંદિરમાં આવ્યા. મંદિરમાં આવીને તેમણે સાધુઓનાં કપડાં અને પોટલાં ફગાવી દીધાં. પાણીનાં માટલાં ફોડી નાખ્યાં.

યોગીજી મહારાજ તો સૌથી નાના. તેમને બાવડું ઝાલીને ધક્કો મારીને મંદિરની બહાર કાઢ્યા.

'રોઈ લે તારા ગુણાતીતનું તને છોડાવવા આવશે' – એમ કહી



આંધળા સાધુ ભગવત્સ્વરૂપદાસજીને જાળી સાથે અફાળ્યા.

બીજા એક સાધુને ખૂણામાં લઈ જઈને પછાડ્યા. તો કોઈને મુક્કીથી માર માર્યો, તો વળી વિજ્ઞાનદાસ સ્વામીને જાળીની અંદર પૂરી દીધા.

એટલામાં તો ગામના હરિભક્તોને ખબર પડી. તેઓ લાકડીઓ લઈને આવ્યા. પેલા દ્વેષી સાધુઓને ધમકી આપી વાતાવરણ શાંત કર્યું.


આ પ્રમાણે અક્ષરપુરુષોત્તમના વિરોધી સાધુઓએ ગાળો દીધી, અપમાન કર્યું, માર માર્યો તો પણ યોગીજી મહારાજ અને સંતો કાંઈ બોલ્યા નહીં. હસતે મોઢે સહન કરી લીધું. કેટલી નમ્રતા ! કેવી સાધુતા !

'માન-અપમાનમાં એકતા, સુખદુઃખમાં સમભાવ' આ સૂત્ર સૌએ શીખવું.

## ૧૬. સેવામય સંત

યોગીજી મહારાજની તે વખતે ઉંમર નાની, પણ સેવામાં મહાન. વહેલી સવારથી મોડી રાત સુધી સેવા જ કર્યા કરતા; થાકે જ નહીં. સેવા વગર તેમને ચેન જ ન પડે. ભલેને ઉપવાસ કર્યો હોય તોય સેવા તો ખરી જ.

વહેલા ઊઠી, નાહી-ધોઈને રસોડામાં પહોંચી જાય. ત્રણસો રોટલા ઘડી નાખે. એક સાથે બે તાવડી પર રોટલા ચોડવતાં જાય ને ઘડતાં જાય. સાથે



સાથે સ્વામીની વાતો, ભજનો બોલતા જાય. બધી રસોઈ પોતે જ કરે. ભલે ને ગમે તેટલા માણસો હોય !

પીરસવાનું કામ પણ પોતે જ કરે. રસોઈ કરી લે એટલે 'વાસુદેવ હરે'નો સાદ પાડી સૌને જમવા બોલાવે. સંતો અને હરિભક્તોની પંગતમાં પીરસે અને બધાને જમાડીને સૌથી છેલ્લે જ જમે.

કૂવામાંથી સીંચી સીંચીને પાણી ભરે. સૌને નાહવા માટે તથા હરિભક્તોની રસોઈ માટે જોઈતું પાણી પોતે જ ભરે. રોજ વહેલા ઊઠી, મોટાં મોટાં માટલાં, દેગડા વીંછળે. પછી ગળણાથી ગાળીને પાણી ભરે.

આટલી બધી સેવા પછી પણ બધા જમી લે ત્યારે વાસણ ઊટકવા જાય. મંદિરનાં મોટાં-મોટાં વાસણો મોડે સુધી ઊટક્યા કરે.

તેમનું જીવન આપણને સૌને સેવાભાવી થવાનું શીખવે છે.


## ૧૭. સાચા સાધુ

સંતો સત્સંગનો પ્રચાર કરવા ગામડે ગામડે ફરે. ન જુએ રાત કે ન જુએ દિવસ. જ્યાં જાય ત્યાં ઝોળી લઈ લોટ માગી લાવે. જે મળે તેમાંથી રાંધી ખાય.

એક વખત સંતમંડળ સાંકરદા ગામમાં રહેતું હતું. સંતો ગામમાં ઝોળી માગવા રોજ સવારે જતા. યોગીજી મહારાજ પણ અંધ સાધુ ભગવત્સ્વરૂપ-દાસજીને સાથે લઈને ઝોળી માગવા જાય. એક હાથે ભગવત્સ્વરૂપદાસજી સ્વામીને જાળવીને રસ્તે ચલાવે. ખભે ઝોળી લટકાવે. લોકો જે કાંઈ સીધું, અનાજ, લોટ વગેરે આપે, તે બીજા હાથેથી ઝોળીમાં ઠાલવે. સાથે સાથે ખાડો કે પથ્થર ભગવત્સ્વરૂપદાસજીના માર્ગમાં ન આવે તેની કાળજી રાખે. ઝોળીમાં જે કાંઈ મળે તેની રસોઈ કરે. ઠાકોરજીને ભાવથી થાળ ધરે. પછી બધા સંતોને જમાડીને જમે.

અડવાળના કરસનસંગ બાપુ યોગીજી મહારાજને ઘણી વાર આ ઘરડા સાધુનો હાથ પકડીને ઝોળી માગવા જતા જુએ.

એક વખત તો ઉનાળાના આકરા તાપમાં યોગીજી મહારાજને ઉઘાડે પગે ઝોળી માગતા જોયા. કરસનસંગ બાપુને દયા આવી. તેમણે કહ્યું : 'યોગીજી મહારાજ ! કોઈ યુવાન સાધુને સાથે લાવતા હો તો ? આવા વૃદ્ધ સાધુને આંગળીએ લઈને ઝોળી માગવા ફરતાં કેટલી મુસીબત પડે છે ?'



યોગીજી મહારાજ નમ્રતાથી હસતાં હસતાં કહે: ‘બાપુ! આવા વૃદ્ધ સાધુ હોય તે તો આપણું મોટું સદ્ભાગ્ય કહેવાય. ઘરડા સાધુની સેવા ક્યાંથી મળે? વળી એમની સાથે ફરવામાં એમના જ્ઞાનનો અને અનુભવનો લાભ મળે. ઝોળી ઉપાડીએ એટલે મંદિરની સેવા મળે.’

કરસનસંગ બાપુ તો યોગીજી મહારાજની આ વાણી સાંભળીને મનોમન યોગીજી મહારાજને નમી પડ્યા.

એક વખત યોગીજી મહારાજ મોજીદડથી નારાયણ ધરે સ્નાન કરવા ગયા. નારાયણપ્રસાદ નામના એક દ્વેષી સાધુએ તેમનું ખૂબ અપમાન કર્યું અને અપશબ્દો પણ કહ્યા. યોગીજી મહારાજ તો હસતાં હસતાં ‘મહારાજ... સ્વામી’ બોલતાં બોલતાં નાહીને ઉતારે ચાલ્યા ગયા.

થોડા દિવસ થયા. ચોમાસાના દિવસો હતા. પેલા સાધુ નારાયણપ્રસાદ રાતે બે વાગે બોટાદ સ્ટેશને ઊતર્યા. ઘોડાગાડીવાળાએ તેમને કારિયાણી લઈ જવાની ના પાડી. કાદવ ખૂંદતાં સાધુ નારાયણપ્રસાદ સારંગપુરમાં અક્ષર-પુરુષોત્તમ મંદિરે આવ્યા અને બારણું ખખડાવ્યું. તેમને પગમાં કાંટો વાગ્યો હતો. પગ સૂજ્યો હતો અને પીડા પણ ખૂબ થતી હતી. ચોકિયાતે કહ્યું: ‘યોગીજી મહારાજ! કોઈ સાધુ આવ્યા છે. રાતવાસો રહેવા માગે છે.’

યોગીજી મહારાજ તેમને લેવા સામે ગયા. તેમના પગમાંથી કાંટો કાઢી ઘા ઉપર પાટાપીંડી કરી. ઠાકોરજીના થાળનાં પૂરી અને મગજના લાડુ પીરસી પ્રેમથી જમાડ્યા, પથારી કરીને પ્રેમથી સુવાડ્યા. સવારે નારાયણપ્રસાદને કારિયાણી જવા ગાડું જોડાવીને તૈયાર કરી દીધું.

નારાયણપ્રસાદ યોગીજી મહારાજને ઓળખી ગયા. તેમના હૃદયમાં પરિવર્તન થયું: 'મેં અપમાન કર્યું તોય યોગીએ મારી સેવા કરી. મને એક શબ્દ પણ ઠપકાનો ન કહ્યો. મને પ્રેમથી જીતી લીધો.'

નારાયણપ્રસાદને પસ્તાવો થયો, તે યોગીજી મહારાજનાં ચરણોમાં નમી પડ્યા. તેમણે કહ્યું: 'અપકારનો બદલો ઉપકારથી વાળે તેવા નિર્માની અને પ્રેમમૂર્તિ સંત તમે જ છો. વેરને પ્રેમથી શમાવે તેવા શ્રીજીમહારાજના આદર્શ પરમહંસ જેવા છો!' એમ કહી યોગીજી મહારાજની આશિષ લઈ નારાયણ-પ્રસાદ ગાડામાં બેસી કારિયાણી ગયા.


## ૧૮. મંદિરની સેવામાં

જેવી હરિભક્તોની અને સંતોની સેવા કરવી ગમે, તેવી જ મંદિરની અને ઠાકોરજીની સેવા પણ યોગીજી મહારાજને ગમે. એ સેવામાં થાક અને ભૂખ બંનેને ગણકારે નહીં. શાસ્ત્રીજી મહારાજની દરેક આજ્ઞા પાળે. તેમની સેવા કરે. તેમના દરેક કાર્યમાં મદદ કરે.

શાસ્ત્રીજી મહારાજે સૌથી પહેલું મંદિર બોચાસણમાં બાંધ્યું. બોચાસણ મંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવી. ત્યારપછી થોડા સમયે સારંગપુરમાં મંદિર બાંધવાની શરૂઆત કરી. મંદિરનું કામ પૂરઝડપે ચાલે. તે વખતે ઝાઝા પૈસા નહીં. તેથી સાધુઓ, પાર્ષદો અને હરિભક્તો પણ મંદિર બાંધવાના કામમાં મદદ કરતા.

યોગીજી મહારાજ પણ બધી સેવામાંથી પરવારીને મંદિરનું કામ કરવા લાગે. માથે પથરા ઉપાડીને કડિયાને આપે, પાવડા વતે ચૂનો, રેતી તૈયાર કરી ભરે. પાયા ખોદવાનું કામ, પાયાની પૂરણી કરવાનું કામ પણ કરવા લાગે. બીજા બધા આગળ ઉંમરમાં નાના દેખાય પણ કામ, સેવામાં સૌથી મહાન.

તેમના મનમાં તો એક જ ભાવના. મંદિર બંધાશે, અક્ષરપુરુષોત્તમ દેવની મૂર્તિ પધરાવાશે. આવી દેવની સેવા ક્યાંથી મળે? માટે બને તેટલી



સેવા કરી લેવી. સેવાથી ભગવાન પ્રસન્ન થાય.

યોગીજી મહારાજની આવી સેવાભાવના અને પ્રેમ જોઈ શાસ્ત્રીજી મહારાજ તેમના પર બહુ રાજી થતા. તેમને વારંવાર આશીર્વાદ આપતા. તેમની પ્રશંસા કરતા.


## ૧૯. 'શ્રીજી-સ્વામી વશ છે'

સારંગપુરમાં જળઝીલણી એકાદશીનો સમૈયો હતો. શાસ્ત્રીજી મહારાજની તબિયત થોડી નરમ હતી. તેઓ પથારીમાં આરામ જ લેતા. તે અરસામાં ભાવનગરના હરિભક્તો આવ્યા. તેમણે જળઝીલણી એકાદશીનો સમૈયો સારંગપુરમાં કર્યો. પછી ભાવનગરના આગેવાન હરિભક્ત કુબેરભાઈએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી: 'દયાળુ! આપ ભાવનગર પધારો તો અમને સૌને સત્સંગનું સુખ મળે.'

આ સાંભળી શાસ્ત્રીજી મહારાજે હસતાં હસતાં કહ્યું: 'મારી તબિયત નરમ છે. એટલે મારા બદલે આ યોગીજી મહારાજને લઈ જાઓ. યોગીજી મહારાજમાં હું આવી ગયો.'

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી તેઓ રાજી થયા. યોગીજી મહારાજને લઈને તેઓ ભાવનગર ગયા.

ભાવનગરમાં પ્રેમીભક્ત પ્રભુદાસ શેઠના ભાણેજ જયંતીભાઈના પિતાનું શ્રાદ્ધ હતું. તેમણે યોગીજી મહારાજ અને સંતોને જમવાનું આમંત્રણ આપ્યું. પવિત્ર બ્રાહ્મણ આગળ લાડુ, દાળ, ભાત, શાક, ભજિયાં વગેરેની રસોઈ કરાવી. રસોઈ તૈયાર થઈ ગઈ એટલે જયંતીભાઈ શેઠ પ્રભુદાસને લઈને યોગીજી મહારાજ પાસે આવ્યા. તેમણે પ્રાર્થના કરી: 'યોગીજી મહારાજ! આપને શ્રીજીમહારાજ અને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી વશ છે. આજે શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી થાળ જમે તેવી પ્રાર્થના કરો.'



યોગીજી મહારાજે હસતાં હસતાં કહ્યું: 'ચાલો પ્રાર્થના કરીએ. શ્રીજી-મહારાજ અને સ્વામી થાળ જમવા સાક્ષાત્ પધારશે.' એમ કહી યોગીજી મહારાજ પૂજાની ઓરડીમાં પધાર્યા.

ઠાકોરજી આગળ થાળ મૂક્યો. ચાંદીના લોટામાં પાણી મૂક્યું, આડો પડદો નાખ્યો. યોગીજી મહારાજ ત્યાં આગળ બેસી ગયા. ચારે કોર વીંટળાઈને હરિભક્તો બેઠા. યોગીજી મહારાજે *'અવિનાશી આવો રે...'* એ થાળ ભાવ-પૂર્વક ગાયો.

અર્ધો કલાક થયો. ઠાકોરજીને ચળું કરાવ્યું. પડદો ઉઘાડી જોયું તો સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. થાળીમાંથી પાંચ લાડુ, શાક, ભજિયાં, દાળ, ભાત વગેરે ઓછું થયું હતું. પાણીનો લોટો પણ અર્ધો ખાલી થયો હતો. સૌ હરિભક્તો યોગીજી મહારાજનો ભક્તિભાવ જોઈને દિંગ થઈ ગયા. તેમને ખાતરી થઈ ગઈ કે યોગીજી મહારાજને શ્રીજી-સ્વામી વશ છે.

## ૨૦. પરાભક્તિ

એક વાર યોગીજી મહારાજ ગાડામાં સારંગપુરથી ગઢડા જતા હતા; સાથે નિર્ગુણદાસ સ્વામી હતા. રસ્તો નિર્જન અને એકાંત. ઉનાળાનો દિવસ. રસ્તામાં ક્યાંય કૂવા કે નદી નહીં. બપોરના ચાર વાગી ગયા.

યોગીજી મહારાજ પાસે ગુણાતીતાનંદ સ્વામીની પૂજેલી હરિકૃષ્ણ મહારાજ(શ્રીજીમહારાજ)ની નાનકડી મૂર્તિ. મૂર્તિને પાણી ધરાવવાનો સમય થઈ ગયો, પણ પાણી ક્યાંય મળે નહીં. યોગીજી મહારાજ બહુ વ્યાકુળ થઈ ગયા. તેમની પાણી મેળવવાની અધીરાઈ વધી ગઈ. તેમને મનમાં થવા લાગ્યું: 'ઠાકોરજી તરસ્યા હશે. તરસથી હરિકૃષ્ણ મહારાજનું ગળું સુકાતું હશે.' એ વિચારમાં ને વિચારમાં હતા.

સાંજના છ વાગ્યા. દૂરથી નદી દેખાણી. યોગીજી મહારાજે નદી પાસે રેતીમાં ગાડું ઊભું રખાવ્યું. ગાડામાંથી નીચે ઊતરી પોટલું છોડ્યું. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ કાઢી. ઠાકોરજીને નદીના પાણીથી સ્નાન કરાવ્યું. ગાળીને પાણી ધરાવ્યું.

પછી ઘણા દંડવત્ કરતાં વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા: 'હે મહારાજ! માફ કરજો. અપરાધ થઈ ગયો. આપને સમયસર પાણી આજે નથી પાયું.



અમારી ભૂલ માફ કરજો.'

આ શબ્દો સાંભળી નિર્ગુણદાસ સ્વામી કહે : 'એમાં શો અપરાધ થયો ? આપણે તો મુસાફરીમાં હતા અને રસ્તામાં પાણી ક્યાંય મળ્યું નહીં, તેથી મોડું પણ થાય.'

તો પણ યોગીજી મહારાજે વારંવાર વંદન કરીને, ગળગળા થઈને ઠાકોરજીને પ્રાર્થના કરી અને માફી માગી.

કેવી ભક્તિ ! કેવી સેવા ! કેવી નમ્રતા !

## ૨૧. સર્પદંશ

ગોંડળમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની દેરી છે. તે દેરીની ઉપર શાસ્ત્રીજી મહારાજે સુંદર મંદિર બાંધવાની શરૂઆત કરી. ત્યારે યોગીજી મહારાજ પણ સાથે. યોગીજી મહારાજને અક્ષર દેરીની સેવા કરવી બહુ ગમે. વહેલી સવારે ચાર વાગે ઊઠી જાય. અક્ષર દેરીમાં ચરણારવિંદની પૂજા કરે, આરતી કરે, થાળ ધરાવે, મહાપૂજા કરે.

મંદિરનું કામ ચાલતું હતું. યોગીજી મહારાજ બીજા સંતો સાથે ઝૂંપડા જેવા ગારમાટીના ઘરમાં રહે. શાસ્ત્રીજી મહારાજ પણ સાથે જ હોય.


એક દિવસ રાતના યોગીજી મહારાજ સૂતા હતા. મધરાતે એક ભયંકર

કાળો નાગ આવ્યો. યોગીજી મહારાજની પાસે ગયો. ડાબા હાથની પહેલી આંગળીએ કરડ્યો. આંગળીમાંથી લોહીની ધારા નીકળી. નાગ બહુ ઝેરી. પીડા સખત થાય. આખા શરીરમાં પીડા થવા લાગી. યોગીજી મહારાજ કાંઈ બોલે નહીં. 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલતાં બોલતાં તેમની આંખો બંધ થઈ ગઈ.

કોઈ કહે વૈદ્યને બોલાવો, તો કોઈ કહે ડૉક્ટરને બોલાવો. બધા જુદા જુદા ઉપાયો બતાવે. પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું: 'યોગીજી મહારાજને અક્ષર દેરીમાં સુવડાવીને 'સ્વામિનારાયણ' નામની ધૂન કરો. સ્વામિનારાયણ નામથી કાળા નાગનું ઝેર પણ ઊતરી જશે.'

તરત જ બધા જ સંતો યોગીજી મહારાજને અક્ષર દેરીમાં લઈ ગયા. ઠાકોરજી સમક્ષ સુવડાવ્યા. ધૂન કરવા લાગ્યા.

બરાબર બાર કલાકમાં ઝેર ઊતરી ગયું. યોગીજી મહારાજે આંખ ઉઘાડી. શાસ્ત્રીજી મહારાજને વંદન કર્યાં. તે વખતે સરકારી ડૉક્ટર પણ દર્શન કરવા આવેલા. તે તો આ દૃશ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને શાસ્ત્રીજી મહારાજના પગમાં પડી ગયા. અક્ષર દેરીનો પ્રતાપ જોઈને ગોંડળના મહારાજા



અને સૌ અમલદારો નવાઈ પામી ગયા.

## ૨૨. અક્ષર મંદિરના મહંત

સંવત ૧૯૯૦ની સાલમાં ગોંડલ મંદિરનું ઘણુંખરું કામ થઈ ગયું. તે જ વર્ષે વૈશાખ સુદ દશમને દિવસે શાસ્ત્રીજી મહારાજે શાસ્ત્રોક્ત વિધિથી અક્ષર મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. પછી મંદિરના ચોગાનમાં ભવ્ય સભા થઈ. આ વખતે હજારો હરિભક્તોની હાજરીમાં શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજને ગોંડળ અક્ષર મંદિરના મહંત બનાવ્યા. તેમણે યોગીજી મહારાજના ગળામાં મહંતાઈનો હાર પહેરાવ્યો. આખી સભાએ તેમને આનંદથી વધાવી લીધા.

અક્ષર મંદિર અને અક્ષર દેરી તો યોગીજી મહારાજને અતિશય વહાલાં. અક્ષર દેરીમાં પ્રદક્ષિણા કરતાં તો તેઓ થાકે જ નહીં. સવારે સાડા ત્રણ વાગે ઊઠીને અક્ષર દેરીમાં કચરો વાળે. દેરીમાં ચરણારવિંદની ચંદન, પુષ્પથી પૂજા પોતે જ કરે. પછી આરતી કરી, હરિભક્તો આગળ કથા કરે. દેરીમાં મહાપૂજામાં, ‘સાધુ વધે, સત્સંગ વધે’ તે માટે ધૂન કરે. વળી, નામાના ચોપડા પણ પોતે જ લખે. હિસાબ રાખે. ઠાકોરજીની સેવા કરે. મહેમાન હરિભક્તોની સરભરા કરે. જેમ વધુ હરિભક્તો મંદિરમાં આવે, તેમ વધુ રાજી થાય. જમાડ્યા વગર તો કોઈને મંદિરમાંથી જવા જ ન દે.

તે વખતે તેમની સાથે મદદમાં રાણા દાજીબાપુ કામ કરતા. એક દિવસ દાજીબાપુને યોગીજી મહારાજનું હિસાબ સંબંધી કામ પડ્યું. તેમણે મંદિરના કોઠારમાં આમતેમ જોયું. યોગીજી મહારાજ દેખાયા નહીં. તેમને થયું કે યોગીજી મહારાજ દેરીમાં અથવા ઉપર ઠાકોરજી પાસે હશે એમ ધારી, ત્યાં પણ જોઈ આવ્યા, પણ યોગીજી મહારાજ દેખાયા નહીં. પછી તો બધે ખોળતાં ખોળતાં રસોડે ગયા. ત્યાં યોગીજી મહારાજ એકલા બેઠાં બેઠાં રસોઈ કરતા હતા.

આટલા મોટા મંદિરના મહંતને રસોઈ કરતા જોઈ તેમણે કહ્યું: ‘હું તો ક્યારનો તમને શોધું છું. તમે અહીં રસોઈ બનાવવા કેમ બેસી ગયા છો? ક્યાં છે બીજા ભંડારી સાધુ?’

યોગીજી મહારાજ કહે: ‘આજે ભંડારી સાધુ માંદા છે. મહારાજની

દયાથી આજે આ સેવાનો લાભ મને મળી ગયો. ઘણા વખતથી થતું હતું કે ઠાકોરજીને થાળ કરીને જમાડું. તો આજે અલભ્ય સેવા મળી ગઈ!'

આવા મહિમાના શબ્દો સાંભળીને દાજીબાપુ તો ડઘાઈ જ ગયા. તેમણે તરત તપાસ કરી તો ખબર પડી કે કોઈ સાધુ માંદા ન હતા. ફક્ત આળસ ચડી હતી તેથી ભંડારી સાધુ આમતેમ આંટા મારતા હતા. તેમણે સાધુઓને ઠપકો આપ્યો કે 'યોગીજી મહારાજ ચોવીસ કલાક સેવા કરે છે તો પણ તેમની આગળ રસોડાની સેવા કરાવો છો?' એમ કહી બધા સાધુને સેવા કરવા મોકલ્યા. પછી યોગીજી મહારાજને લઈને દાજીબાપુ કોઠારમાં હિસાબનું કામ કરવા ગયા.

## ૨૩. ગુરુભક્તિ

યોગીજી મહારાજ રોજ એક જ વખત જમે. વળી, દર ત્રીજે દિવસે નિર્જળા ઉપવાસ કરે. ઉપવાસ કરીને પણ ઉનાળાના તાપમાં માથે પોટલાં લઈ ગામેગામ શાસ્ત્રીજી મહારાજ સાથે ફરે. આખો દિવસ સેવા કરે. આથી, તેમને સારણગાંઠ થઈ આવી.

સંવત ૧૯૯૩ની સાલમાં રાજકોટમાં અંગ્રેજ ડૉક્ટર એસ્પિનોલને બતાવ્યું. તેમણે કહ્યું: 'સ્વામીજી! તમારે ઑપરેશન કરાવવું પડશે.'

આથી, શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે રાજકોટ હૉસ્પિટલમાં હીરજીભાઈએ જુદો રૂમ રખાવી યોગીજી મહારાજને દાખલ કર્યા.

તે વખતે શાસ્ત્રીજી મહારાજ ગોંડળમાં દવા કરાવતા હતા. તેઓ પણ આગલે દિવસે રાજકોટ આવી ગયા. માગશર મહિનાની કડકડતી ટાઢમાં શાસ્ત્રીજી મહારાજે વહેલા ઊઠી નાહી-ધોઈ પરવારી લીધું. માથે પાઘ મૂકીને જલદીથી હૉસ્પિટલમાં પધાર્યા. શાસ્ત્રીજી મહારાજ જેવા હૉસ્પિટલમાં દાખલ થયા તે જ સમયે બે સેવકો યોગીજી મહારાજને સ્ટ્રેચરમાં સુવાડીને ઑપરેશન થિયેટરમાં લઈ જતા હતા.

શાસ્ત્રીજી મહારાજને જોઈને યોગીજી મહારાજ પુલકિત થઈ ગયા. બે હાથ ઊંચા કરીને તેમણે સૂતાં સૂતાં પ્રણામ કર્યા. શાસ્ત્રીજી મહારાજે તેમને આશીર્વાદ આપ્યા. યોગીજી મહારાજને ક્લૉરોફૉર્મ આપીને ડૉક્ટરે કુશળતા-પૂર્વક ઑપરેશન કર્યું. ઑપરેશન પૂરું થયું, એટલે સ્વામીશ્રીને સ્ટ્રેચરમાં

સુવાડીને તેમના રૂમમાં લઈ ગયા.

યોગીજી મહારાજની રૂમમાં એક ટેબલ પર હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવેલી. ચારેકોર સૌ હરિભક્તો નીચે બેસી ગયેલા. પલંગની સામે ખુરશીમાં શાસ્ત્રીજી મહારાજ બેઠાં-બેઠાં માળા ફેરવે. બે કલાક બાદ ક્લૉરોફૉર્મની અસર ઊતરી. યોગીજી મહારાજે માથું ફેરવ્યું અને આંખ ઉઘાડી. સામે શાસ્ત્રીજી મહારાજને મંદ મંદ હસતાં બેઠેલા જોયા. તેમણે તરત જ હાથ જોડ્યા અને પાસે બેઠેલા હરિભક્તને ધીમેથી પૂછ્યું: 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?'

આ સાંભળી સૌ હરિભક્તો અને અંગ્રેજ ડૉક્ટર એસ્પિનોલ તો આશ્ચર્ય-ચકિત થઈ ગયા. તેમને થયું કે 'આ સાધુ કાંઈ બેભાન ન હતા. આ યોગીપુરુષ તો દિવ્ય સમાધિમાં હોવા જોઈએ, તો જ જાગ્રત થતાં ગુરુજીને સંભારે !'

કારણ કે તે વખતે ગોંડલમાં યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજની સેવામાં હતા અને રોજ તેમને દવા સાથે દૂધ પાતા હતા, તે અહીં સાંભરી આવ્યું.

કેવી એકતા ! કેવી ગુરુભક્તિ !

## ૨૪. શાસ્ત્રીજી મહારાજ પ્રગટ છે

સંવત ૨૦૦૭ની સાલમાં શાસ્ત્રીજી મહારાજે માંદગી ગ્રહણ કરી. તેમણે કહ્યું: 'મેં ગઢડાની મૂર્તિઓની આરતી કરી છે. હવે તેની પ્રતિષ્ઠા યોગીજી મહારાજ કરશે. મારામાં અને યોગીમાં એક રોમનોય ફેર નથી. હું તે યોગી અને યોગી તે હું છું.' આ હતા તેમના છેલ્લા શબ્દો.

વૈશાખ સુદ ચોથને દિવસે તેઓ અંતર્ધાન થયા. બીજે દિવસે તેમના ભૌતિક દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. સૌ હરિભક્તો શોકમાં ડૂબી ગયા. સૌ વિચારવા લાગ્યા: 'શાસ્ત્રીજી મહારાજ ગયા, હવે આપણું શું થશે ?' આ વિચારમાં કોઈને કાંઈ સૂઝે નહીં.

તે વખતે યોગીજી મહારાજે સૌને હિંમત આપતાં કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં ગયા છે ? શાસ્ત્રીજી મહારાજ આપણી વચ્ચેથી ગયા છે તેમ મનાય જ નહીં, શાસ્ત્રીજી મહારાજ તો સત્સંગમાં સદાય પ્રગટ છે.'

યોગીજી મહારાજના આવા મહિમાના શબ્દો સાંભળીને સૌને પ્રતીતિ

થઈ કે 'જે શ્રીજીમહારાજ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રગટ હતા, તે જ શ્રીજી-મહારાજ આજે યોગીજી મહારાજમાં પ્રગટ છે. શાસ્ત્રીજી મહારાજ હવે સૌને યોગીરૂપે સુખ આપશે.'

આમ, સૌને યોગીજી મહારાજમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. સૌનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં.

શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી છઠ્ઠે જ દિવસે, અર્થાત્ સંવત ૨૦૦૭ના વૈશાખ સુદ દશમને દિવસે ધામધૂમથી ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો યોગીજી મહારાજના સાન્નિધ્યમાં થયો. પચાસ હજાર હરિભક્તો ભેગા મળ્યા. 'શાસ્ત્રીજી મહારાજ સત્સંગમાં સદાય પ્રગટ છે' તેવી સૌને પ્રતીતિ થઈ ગઈ.

વિરોધીઓનાં મન અશાંત થઈ ગયાં. તેમને તો એમ કે 'શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા એટલે હવે કોઈ ઉત્સવ-સમૈયામાં આવશે નહીં. અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય પડી ભાંગશે.' પરંતુ ગઢડામાં યોગીજી મહારાજનો પ્રતાપ જોઈ તેઓ અંજાઈ ગયા. ચારેકોર અક્ષરપુરુષોત્તમનો જયજયકાર થઈ ગયો. યોગીજી મહારાજના વિશાળ કાર્યનો પ્રારંભ શરૂ થયો. હવે યોગીજી મહારાજે સૌનાં હૃદયમાં સ્થાન લઈ લીધું.

## ૨૫. યુવક મંડળો અને સત્સંગ સભા

અઠવાડિક સત્સંગ સભાની પ્રવૃત્તિ યોગીજી મહારાજે ઘણા સમયથી શરૂ કરી હતી, પણ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન થયા બાદ યોગીજી મહારાજે એ પ્રવૃત્તિને ખૂબ વેગ આપ્યો. ધીરે ધીરે યુવક મંડળની પ્રવૃત્તિ શરૂ કરી.

શરૂઆતમાં બહુ થોડા યુવકો ભેગા થાય. યુવકો ઘણી વાર હતાશ થઈ જાય. છતાં સ્વામીશ્રી હેતથી કહે: 'આજ્ઞા પાળવામાં સુખ છે. તમારું યુવક મંડળ ઘણું વધી જશે. માટે હિંમત રાખવી. નવા નવા યુવકમિત્રોને યુવક મંડળમાં લઈ આવવા, કથાવાર્તા કરવી, આપણી વાત સમજાવવી તો મહારાજની દયાથી યુવકો ઘણા વધશે.'

કોઈ ઠેકાણે યુવક મંડળ બંધ પડી ગયું હોય તો ફરીથી ચાલુ કરાવે. આમ, યોગીજી મહારાજ જે ગામમાં કે શહેરમાં જાય ત્યાં યુવક મંડળો સ્થાપે.

તેની નોંધ રાખે. તેમને નિયમિત પત્રો લખી બળ આપે. આમ, જોતજોતામાં ભારતમાં સેંકડો યુવક મંડળો સ્થપાઈ ગયાં. વળી નાનાં બાળકોને સત્સંગનું જ્ઞાન મળે, તે માટે ઠેર ઠેર બાળ મંડળો સ્થાપ્યાં.

યોગીજી મહારાજ ઘણી વાર કહેતા: ‘પચ્ચીસ હજાર રૂપિયા મળતા હોય, તો પણ તે જતા કરીને યુવક મંડળની – સત્સંગ મંડળની સભામાં જવું. આપણે એકલા દરેકને ઘરે મળવા ન જઈ શકીએ, પણ સત્સંગ સભામાં જઈએ એટલે એકીસાથે દરેક હરિભક્તનાં દર્શન થાય. દરેક યુવકને મળાય તેમ જ જ્ઞાન શીખવા મળે. વળી સભામાં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ દિવ્ય રૂપે વિરાજતા હોય છે. માટે સત્સંગ સભા તો ચૂકવી જ નહીં.’

યોગીજી મહારાજ યુવકોની દરેક પ્રવૃત્તિમાં રસ લે. પ્રવચનો, યોગનાં આસનો, બૅન્ડ, સંવાદ, રાસ, ભજન, કીર્તનો – યુવકો જે કાંઈ તેમની સમક્ષ રજૂ કરે તેને ધ્યાનપૂર્વક નિહાળે. તેમને આશીર્વાદ આપે તેમજ યુવકોએ તૈયાર કરેલા હસ્તલિખિત અંકો પણ વંચાવે અને ધ્યાનપૂર્વક સાંભળે. યોગીજી મહારાજ તો કહેતા કે ‘હસ્તલિખિત અંક દર ત્રણ મહિને કાઢવો.’


માટે આપણે સૌએ પણ યુવક મંડળની સભામાં અવશ્ય જવું. તેમાં યોગીજી મહારાજનો રાજીપો છે.

## ૨૬. યુવકો સાથે યોગીરાજ

યોગીજી મહારાજને યુવકો અને બાળકો બહુ પ્રિય. તેઓ કહેતા: ‘યુવકો મારું હૃદય છે.’

હૃદયના જેવા જતનથી તેઓ યુવકોને સાચવતા. યુવકોને યોગીજી મહારાજ પ્રેમથી બોલાવે. તેમની વાતો રસપૂર્વક સાંભળે. તેમને માથે અને ગળે હાથ ફેરવે. ગળામાં હાથ નાખી કંઠી પહેરી છે કે નહીં તે પણ જોઈ લે. જો કંઠી ન પહેરી હોય તો પહેરાવે. માતા કરતાં પણ વધુ હેતથી યુવકોને વશ કરી લે.

યોગીજી મહારાજ ઉનાળાની અને દિવાળીની રજાઓમાં યુવકોને પોતાની સાથે ગામડે ગામડે ફેરવે. તેમને વચનામૃત, વાતુ, કીર્તનો, નિયમ-ચેષ્ટાનાં પદો વગેરે શીખવે. બે બાજુ બે યુવકોના હાથ પકડી પોતે ચાલે અને



કહે: 'દો બાજુ દો યુવક હૈ, મધ્યે યોગી યુવક હૈ.'

સાથે ફરતા યુવકોની પોતે બહુ સંભાળ લે. તેમને હેતથી જાતે પીરસે, પથારી કરી આપે. કોઈક યુવક માંદા હોય તો તેની સેવા કરવા પણ પોતે બેસી જાય.

પોતે જાતે સવારે વહેલા સાડા ચાર વાગે ઊઠીને, યુવકોને ઉઠાડે. તેમને આજ્ઞા, ઉપાસના અને સેવાની વાતો કરે. જે યુવકો નકોરડા ઉપવાસ કરે તેમના પર અતિશય રાજી થઈને થાપો આપે. રાતે અગિયાર વાગે સભા પૂરી થાય અને નિયમ-ચેષ્ટા થઈ જાય પછી યોગીજી મહારાજ યુવકોને લઈને એકાંતમાં ફરીથી સભા કરે. યુવકો આગળ અંગ્રેજી, હિન્દી, ગુજરાતી એમ જુદી જુદી ભાષામાં પ્રશ્નોત્તર કરાવે. પોતે પણ રાજી થઈને અંગ્રેજી શબ્દો બોલે અને ગમ્મત કરાવે.

આજના યુગના કૉલેજમાં અભ્યાસ કરતા નવયુવાનોને યોગીજી મહારાજ વશ કરી દે. તેમને સિગારેટ, પાન, સિનેમા, નાટક વગેરે વ્યસનોમાંથી છોડાવી દે. તેમને સાદું અને સંયમી જીવન જીવવાની પ્રેરણા આપે. આદર્શ નાગરિક બનાવે. આ પ્રમાણે યુવકોને દર વર્ષે વૅકેશનમાં મહિનો, બે મહિના સાથે ફેરવે. યુવકો તેમનાથી છૂટા પડે ત્યારે તેમને ખાસ ભલામણ કરે: 'નિયમ-ધર્મ પાળજો. યુવક મંડળમાં નિયમિત જજો. તમારા ગામમાં મંડળ ન હોય તો શરૂ કરજો. અમે તમને પત્ર લખીશું.' એમ કહી મંદિરના દરવાજા સુધી વળાવવા આવે. યુવકોને પણ પ્રેમમૂર્તિ યોગીજી મહારાજથી છૂટા પડતાં આંખમાં આંસુ આવી જાય.

## ૨૭. યુવાનોને દીક્ષા

દસ જ વર્ષમાં તો યોગીજી મહારાજની આસપાસ એક સુંદર યુવકોનું વૃંદ તૈયાર થઈ ગયું. તેમની આજ્ઞાથી આ યુવકો ઘરે પણ સાદાઈભર્યું જીવન જીવે. દર પાંચ દિવસે ઉપવાસ કરે. ઓશીકા વગર શેતરંજી પર સૂઈ રહે. ઠંડે પાણીએ ન્હાય. તિલક-ચાંદલો કરે અને બહારનું કાંઈ ખાય-પીએ નહીં. નાટક, સિનેમા તો જુએ જ નહીં.

યોગીજી મહારાજની આજ્ઞાથી આવા કેટલાય યુવકો સાધુ થવા તૈયાર થયા. તેઓ કહે: 'બનાવવા છે. કહો, બનશો ને?'

તેમના આ પ્રેમાળ શબ્દો આગળ ભણેલા-ગણેલા યુવાનો નમી પડતા.

યોગીજી મહારાજે સાધુ થવા ઇચ્છતા એક યુવકને પત્રમાં લખ્યું હતું: 'મારે તમને સાધુ કરીને મારી સેવા કરાવવી નથી. મારે તો તમને બ્રહ્મવિદ્યા ભણાવીને એકાંતિકધર્મ સિદ્ધ કરાવવો છે; તમારું આત્યંતિક કલ્યાણ કરવું છે; તમારા દ્વારા લાખોને સત્સંગ કરાવવો છે, અને અક્ષરપુરુષોત્તમની ઉપાસના જગતભરમાં પ્રવર્તાવવી છે.'

સ્વામીશ્રીના મહાન આશયને જાણીને આ યુવકોનાં મા-બાપોએ હસતે મુખે પોતાના પુત્રો યોગીજી મહારાજનાં ચરણે ધર્યા. કૉલેજ અને યુનિવર્સિટીનું ઉચ્ચ શિક્ષણ પામેલા આ યુવાનોનું મોટું વૃંદ સાધુ થવા તલસી રહ્યું.

સંવત ૨૦૧૭ના વૈશાખ વદ બારસને દિવસે, યોગીજી મહારાજના સિત્તેરમા જયંતીદિને ગઢપુર મંદિરનાં શિખરો પર સોનાના કળશોની સ્થાપના થઈ. સાથે સાથે તે જ દિવસે યોગીજી મહારાજે એકાવન નવયુવાનોને ભાગવતી દીક્ષા આપીને સાધુ બનાવ્યા. સત્સંગમાં સોનાનો કળશ ચડાવ્યો. ભગવાન સ્વામિનારાયણ પછી સ્વામિનારાયણ સંપ્રદાય અને સમગ્ર આધ્યાત્મિક ઇતિહાસમાં એક જ દિવસે ઉચ્ચ શિક્ષણ પામેલા એકાવન યુવાનોને સાધુદીક્ષા દેવાનો આ પ્રથમ પ્રસંગ હતો. આનો યશ યોગીજી મહારાજને મળે છે. આ પ્રસંગ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

પછી તો દર વર્ષે કેટલાય ભણેલા યુવાનો દેશમાંથી અને આફ્રિકા, લંડન વગેરે સ્થળેથી આવીને સ્વામીશ્રી પાસે સાધુદીક્ષા લેવા લાગ્યા. સત્સંગના પ્રચારમાં એક મહાન ભરતી આવી. આ યુવાન સંતમંડળ દેશ-દેશાવરમાં ફરી સંપ્રદાયનો પ્રચાર કરવા લાગ્યું. તેમણે યોગીજી મહારાજના મહાન સેવા-કાર્યમાં પોતાની જાતને જોડી દીધી.

## ૨૮. યોગીજી મહારાજનું કાર્ય

સ્વામિનારાયણ સંપ્રદાયના વિસ્તાર માટે યોગીજી મહારાજે કમર કસી. રાત-દિવસ જોયા વગર ગામડે ગામડે વિચરણ કર્યું. દીવો ત્યાં દાતણ નહીં, અને દાતણ ત્યાં દીવો નહીં. જ્યાં જાય ત્યાં યોગીજી મહારાજનું સન્માન થાય. વર્તમાન ધરાવવા મુમુક્ષુઓની ભીડ થાય. ઉત્સવો અને સમૈયાઓની પરંપરા ચાલે.

સત્સંગ સમુદાય વધવા લાગ્યો. આથી, યોગીજી મહારાજે ગામડે ગામડે સત્સંગ મંડળો સ્થાપ્યાં. પત્રવ્યવહાર દ્વારા તેમને માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા શરૂ કરી.

બે વખત અખિલ ભારતીય યાત્રા ટ્રેન કાઢી. સંતો-હરિભક્તોને યાત્રા કરાવી. તીર્થો પાવન કર્યાં અને કેટલાય મુમુક્ષુઓને સત્સંગમાં ખેંચ્યા. હરિભક્તોને આજ્ઞા કરીને, સરકારમાં ભલામણ કરીને 'છપૈયા સ્વામિ-નારાયણ' નામનું રેલવે સ્ટેશન શરૂ કરાવ્યું. યોગીજી મહારાજનું છપૈયામાં ભવ્ય સ્વાગત થયું.

સ્વામીશ્રીના અદ્‌ભુત કાર્યથી પ્રેરાઈને સૌ હરિભક્તોએ સંવત ૨૦૧૨ના વૈશાખ વદ બારશે યોગીજી મહારાજની પાંસઠમી જન્મ જયંતી સારંગપુરમાં ઊજવી. એક લાખ હરિભક્તોએ ભેગા થઈ યોગીજી મહારાજનાં યશોગાન ગાયાં.

શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ પ્રમાણે યોગીજી મહારાજે સંવત ૨૦૧૮માં મુંબઈમાં મોટું હરિમંદિર 'અક્ષર ભવન' કર્યું.

તે જ વર્ષે વૈશાખ સુદ સાતમે અમદાવાદ(શાહીબાગ)માં ત્રણ શિખરનું ભવ્ય મંદિર કરી, મૂર્તિપ્રતિષ્ઠા કરી. મહેળાવ ગામમાં પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાન પર સુંદર મંદિર કરાવ્યું. તેમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી, અને ગુરુ શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમા (સ્ટેચ્યુ) પણ ત્યાં પધરાવી.

સંવત ૨૦૨૧ની સાલ આવી. શાસ્ત્રીજી મહારાજને પ્રગટ થયાને સો વર્ષ થતાં હતાં. યોગીજી મહારાજની ચુમ્મોતેર વર્ષની વૃદ્ધ અવસ્થા અને અસ્વસ્થ નાજુક તબિયત, છતાં આ ઉત્સવ માટે શિયાળાની કડકડતી ટાઢમાં આડત્રીસ દિવસમાં બ્યાશી ગામડાંમાં પધરામણીઓ કરીને લાખો રૂપિયાની સેવા ભેગી કરી. આટઆટલું કષ્ટ તેમણે પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજની જન્મ-શતાબ્દી ઊજવવા વેઠ્યું. દેહની પરવા કર્યા વગર તેમણે મહા સુદ પાંચમ(વસંત પંચમી)ને દિવસે શાસ્ત્રીજી મહારાજની જન્મ-શતાબ્દીનો ઉત્સવ અટલાદરામાં ઊજવ્યો. આ ભવ્ય સમૈયામાં દોઢ લાખ હરિભક્તોને એમણે ગુરુમહિમા સમજાવ્યો.

ત્યારબાદ પૃથ્વી પર સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ થાય એ હેતુથી વિદ્યાનગરમાં છાત્રાલય અને ગોંડલમાં ગુરુકુળની સ્થાપના કરી. ગોંડલમાં પ્રાથમિક અને

માધ્યમિક શાળા પણ શરૂ કરી.

યોગીજી મહારાજની છોંતેરમી જયંતી આવી. દેશ અને પરદેશના લાખો હરિભક્તોએ શ્રીજી-સ્વામીના અખંડ ધારક આ સત્પુરુષની જયંતી ઊજવવાનું નક્કી કર્યું. 'અમૃતપર્વ' નામનો સ્મારક ગ્રંથ તેમના દિવ્ય કાર્યની ઝાંખી કરાવતો પ્રગટ થયો. આ પ્રસંગે યોગીજી મહારાજે રૂપિયા પચ્ચીસ હજારનું દાન ગુજરાત સરકારને દુષ્કાળ-પીડિત જનોને અન્નદાન દેવા અર્પણ કર્યું. ગોંડલમાં આ મહોત્સવમાં બે લાખ હરિભક્તોએ તેમના ગુણોનું ગાન કર્યું. દુનિયાભરના હરિભક્તોએ તેમનાં યશોગાન ગાયાં.

અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાન ભાદરા ગામે હરિભક્તોએ જાતે શ્રમયજ્ઞ કરી 'ગુણાતીત નગર' સ્ટેશન બંધાવ્યું.


સંવત ૨૦૨૫ના વૈશાખ સુદ ૬ને દિવસે ગુણાતીત નગરમાં સ્વામીના જન્મ સ્થાન પર એક શિખરનું ભવ્ય મંદિર કરીને ધામ, ધામી અને મુક્તની મૂર્તિઓ પધરાવી.

યોગીજી મહારાજે શ્રીજીમહારાજનાં વચનામૃતરૂપ 'વેદરસ'નું પુસ્તક ફરીથી છપાવ્યું. પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને તેમના ગુરુ ભગતજી મહારાજનાં જીવન ચરિત્રોના ગ્રંથ તૈયાર કરાવ્યા. ગુરુની જન્મ-શતાબ્દી પર 'યજ્ઞપુરુષ સ્મૃતિ' એ નામનો ગ્રંથ પ્રગટ કરાવ્યો. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રસાદીનો, અચિંત્યાનંદ વર્ણીનો લખેલો 'હરિલીલાકલ્પતરુ' નામનો મહાન ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કર્યો.

શ્રીજીમહારાજનું જીવન અને દર્શન તથા વચનામૃતો હિંદી અને અંગ્રેજીમાં તૈયાર કરાવરાવ્યાં; અને ગુણાતીતાનંદ સ્વામીનું સંપૂર્ણ જીવન-વૃત્તાંત ગુજરાતીમાં છપાવી પ્રસિદ્ધ કર્યું.

શાસ્ત્રીજી મહારાજ સંસ્થાપિત 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પ્રચાર કરી, ઘેર ઘેર હરિભક્તોને 'પ્રકાશ' વાંચતા કર્યા. દરેક કેન્દ્રમાં નિયમિત રવિવારની સભા ભરાય અને સત્સંગ સંબંધી માર્ગદર્શન અને સમાચાર મળતા રહે એ હેતુથી 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' નામની અઠવાડિક પત્રિકાની શરૂઆત કરી.

તેમણે દીક્ષા આપેલ નવયુવાન સંતોને સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કરાવવા મુંબઈ પાઠશાળાની સ્થાપના કરી. વિદ્વાન સંતો તૈયાર કર્યા. તેમના આશીર્વાદ અને પ્રેરણાથી કેટલાય સંતો સંસ્કૃતના 'શાસ્ત્રી' અને 'આચાર્યો'



થયા. તેમાંથી કેટલાક સંતો તો ભારત સરકારની શિષ્યવૃત્તિ મેળવીને 'વાચસ્પતિ' (પીએચ.ડી.) થયા. આ બધાના કર્તા યોગીજી મહારાજ હતા. વળી, કેટલાક યુવાન સંતોને સંગીતમાં પ્રવીણ કર્યા.

સેંકડો હરિમંદિરો કર્યાં. સેંકડો પારાયણો અને જ્ઞાનશિબિરો યોજીને લાખો શિષ્યોને સત્સંગનો લાભ આપ્યો. લાખો નવા સત્સંગીઓ કર્યા અને સત્સંગનો વિકાસ કર્યો.

યોગીજી મહારાજની મહત્તા એ હતી કે જુદા જુદા દરેક ધર્મના આચાર્યો અને મહંતોને તેમને માટે આદર હતો. તેઓ યોગીજી મહારાજ પાસે આશીર્વાદ લેવા અને માર્ગદર્શન લેવા પધારતા. તેમનું કહેવું હતું કે 'યોગીજી મહારાજ સૌના છે. યોગીજી કાંઈ સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના છે.'

આનું કારણ એ કે યોગીજી મહારાજ સૌને આદર આપે. સર્વ ધર્મ પ્રત્યે સમભાવ દાખવે. કોઈની નિંદા તો ક્યારેય કરે નહીં કે કોઈને કરવા દે નહીં. અરે ! આપણા દેશમાં અને આફ્રિકામાં તો યોગીજી મહારાજ કેટલીય વખત શીખોના ગુરુદ્વારામાં, જૈનના દેરાસરમાં, ચર્ચમાં અને કેટલાય ધર્માશ્રમમાં વિના સંકોચે ગયા છે. દરેક ધર્મ પ્રત્યેનો પોતાનો આદર વ્યક્ત કર્યો છે.

યોગીજી મહારાજે લાખો પરધર્મીઓને સ્વામિનારાયણના આશ્રિત બનાવ્યા છે. ગમે તે ધર્મ કે પંથનો માણસ હોય, પણ તેમના સંપર્કમાં આવે એટલે નમી જ પડે. સત્સંગી થઈ જાય. આમ, તેમણે જૈન, શીખ, પારસી, મુસલમાન, આફ્રિકાના નેટીવો, યુરોપિયનો વગેરે અનેક પરધર્મી અને પર-ભાષીઓને પણ સત્સંગી બનાવ્યા છે. આ સૂચવે છે કે યોગીજી મહારાજનું વ્યક્તિત્વ કેટલું મહાન હતું !

આજે ઘણા લોકપુરુષો સ્વધર્મના ભોગે, પોતાના નિયમોમાં ઘણી છૂટછાટ લઈને કાર્ય કરે છે, પણ તેમને સફળતા મળતી નથી. તેમનું કાર્ય શોભતું નથી. જ્યારે યોગીજી મહારાજે અષ્ટ પ્રકારે સ્ત્રી અને ધનનો ત્યાગ અણીશુદ્ધ સાચવ્યો છે. શ્રીજીમહારાજની નાનામાં નાની આજ્ઞાનું યથાર્થ પાલન કર્યું છે, છતાં અદ્‌ભુત કાર્ય કરી બતાવ્યું છે. સમગ્ર જનસમાજમાં પરમ આદરણીય, પ્રાતઃસ્મરણીય પદ મેળવ્યું છે.

## ૨૯. અંધારખંડને અજવાળ્યો

આફ્રિકાના હરિભક્તોના આગ્રહને વશ થઈને સૌ પ્રથમ સંવત ૨૦૧૨(સન ૧૯૫૫)માં યોગીજી મહારાજ આફ્રિકા અને એડનના પ્રવાસે ગયા. મોમ્બાસાના ભવ્ય મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી અક્ષરપુરુષોત્તમ દેવ પધરાવ્યા. મુક્તરાજ મગનભાઈના સમાધિ સ્થાન પર ચરણારવિંદ પધરાવ્યાં. હજારો નવા સત્સંગી કર્યા. ઉત્સવ-સમૈયા કરી કેટલાંય સ્થાનોને તીર્થરૂપ બનાવ્યાં. હજારો માઈલનો પ્રવાસ કરીને અંધારખંડ આફ્રિકાને અજવાળ્યો. જેના ફળરૂપે આફ્રિકામાં ઘણાં યુવક મંડળો અને સત્સંગ મંડળો સ્થપાયાં. સતત પત્રોના પ્રવાહથી હરિભક્તોમાં સત્સંગનો રંગ ચડતો અને ચડતો રહ્યો. તેમણે કંપાલા, જિંજા અને ટરોરોમાં મંદિરો બાંધી તૈયાર કર્યાં. આ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા યોગીજી મહારાજને ફરીથી આફ્રિકા પધારવા હરિભક્તોએ વિનંતી કરી.

આથી, સં. ૨૦૧૬(સન ૧૯૬૦)ની સાલમાં યોગીજી મહારાજ ફરીથી આફ્રિકા તથા એડન પધાર્યા. કંપાલા, જિંજા અને ટરોરોનાં મંદિરોમાં મૂર્તિ-પ્રતિષ્ઠા કરી. પાંત્રીસ હજાર માઈલનો પ્રવાસ કર્યો. સાત દેશોનાં કુલ એકસો ત્રણ ગામોમાં વિચરણ કરી, હજારો મુમુક્ષુઓને સત્સંગમાં ખેંચ્યા. આફ્રિકામાં ઉત્તરોત્તર સત્સંગ વધવા લાગ્યો. પશ્ચિમના દેશોમાં ઈંગ્લેન્ડ, અમેરિકા અને કેનેડામાં સત્સંગનાં બીજ રોપાયાં. ધીમે ધીમે ઈંગ્લેંડ અને અમેરિકામાં ખૂબ સત્સંગીઓ વધ્યા, આફ્રિકામાં ગુલુ અને નાઈરોબીના હરિભક્તોએ મોટી જગ્યા લઈ વિશાળ મંદિર બાંધ્યાં. હરિભક્તોએ ફરી એક વાર પ્રાર્થનાઓ શરૂ કરી. ભક્તવત્સલ ગુરુહરિએ નાજુક અને નાદુરસ્ત તબિયત હોવા છતાં વિનંતી સ્વીકારી. ત્રીજી વખત આફ્રિકા જવા કબૂલ્યું.

સંવત ૨૦૨૬(સન ૧૯૭૦)માં ત્રીજી વિદેશયાત્રાએ નીકળ્યા. નાઈરોબીના રાજમાર્ગ પર બંધાયેલ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. છેલ્લી વાર હરિભક્તોને અઢળક આધ્યાત્મિક સુખ આપ્યું.

લંડનના હરિભક્તોએ મંદિર માટે ખ્રિસ્તી દેવળ ખરીદી, તેનું મંદિરમાં રૂપાંતર કર્યું. લંડનના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા પધારવા આમંત્રણ આપ્યું. લંડનમાં વસતા આપણા હજારો સત્સંગીઓના ભાવને વશ થઈને લંડન ગયા.

લંડનના રાજમાર્ગ પર સરઘસાકારે પોલીસ બૅન્ડ સાથે વાજતે-ગાજતે સામૈયું કરવામાં આવ્યું. લંડનના મધ્ય ભાગ ઈઝ્લીંગ્ટનમાં આવેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી કેટલાય પરદેશીઓને સત્સંગ તરફ વાળ્યા. લંડનની થેમ્સ નદીમાં ઠાકોરજીને સ્નાન કરાવી સમૈયો કર્યો. આમ, થેમ્સ નદીને ગંગા જેવી પવિત્ર કરી. બે મહિના ઈંગ્લેન્ડમાં સત્સંગ પ્રચારનું કાર્ય કરી પોતે ભારત પાછા પધાર્યા અને ચાર સંતોને અમેરિકા સત્સંગ-પ્રચાર કરવા મોકલ્યા.

## ૩૦. સ્વાગત અને વિદાય

લગભગ પાંચ મહિના સુધી આફ્રિકા અને વિલાયતના હરિભક્તોને સુખ આપીને યોગીજી મહારાજ ભારત પાછા પધાર્યા. ભારતનાં અંગ્રેજી, હિંદી, મરાઠી, ગુજરાતી વગેરે બધાં જ અખબારોમાં તેમના કાર્યની પ્રશંસા થઈ. ઠેર ઠેર તેમનાં યશોગાન ગવાયાં. મુંબઈમાં એશિયાના સૌથી મહાન સભાગૃહ 'ષણ્મુખાનંદ હૉલ'માં યોગીજી મહારાજનું જાહેર સન્માન કરવામાં આવ્યું. તેમને માનપત્ર અપાયું. તે વખતે સ્વામી ચિન્મયાનંદે કહ્યું હતું કે 'આપણા યુવાનો જ્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યા છે, ત્યારે આ સંતપુરુષે, કેવળ ધર્મના પ્રચાર માટે આટલી વૃદ્ધ વયે વિલાયત સુધી પ્રવાસ ખેડ્યો. સૌને નીતિ, ધર્મના સંસ્કાર આપ્યા. તે ખરેખર પ્રશંસનીય વાત છે.'

તે જ પ્રમાણે વડોદરામાં યોગીજી મહારાજનું જાહેર સન્માન થયું.

ગુજરાત રાજ્યના પાટનગર અમદાવાદમાં તો યોગીજી મહારાજને શહેરના રાજમાર્ગો પર સરઘસાકારે લઈ જઈને, ધામધૂમથી સન્માન કરવામાં આવ્યું. એક માઈલ લાંબા સરઘસના કેન્દ્ર સમા યોગીજી મહારાજનાં દર્શન કરવા પાંચથી છ લાખ લોકોની મેદની ઊમટી હતી. તે વખતે અમદાવાદના ટાગોર હૉલ ખાતે ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, અન્ય મંત્રીઓ તથા વિવિધ ધર્મના મહંતોએ ભેગા મળી યોગીજી મહારાજનું અભિવાદન કર્યું.

આ પ્રસંગે મુખ્યપ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ કહ્યું હતું કે 'યોગીજી મહારાજનું સન્માન એ ભારતીય સંસ્કૃતિના સાચા સનાતનીનું સન્માન છે. યોગીજી મહારાજનું સન્માન એ સમગ્ર માનવજાતના ઉદ્ધારકનું સન્માન છે. આજે ભારતમાં અને પરદેશોમાં જે અશાંતિના બનાવો બને છે, તે સર્વે

અશાંતિ ટાળનારા એવા શાંતિદાતા સંત તરીકે આપણે યોગીજી મહારાજનું સન્માન કરીએ છીએ.'

આ જ પ્રમાણે લીમડી, ગઢડા, ભાવનગર, મહુવા, અમરેલી, રાજકોટ, ગોંડલ વગેરે સ્થળોએ તેમનું જાહેર સન્માન થયું.

આટઆટલાં સન્માનો વચ્ચે પણ યોગીજી મહારાજ તેમની ગુરુભક્તિ અને કર્તવ્ય ક્યારેય ભૂલ્યા નથી. તેમના આ છેલ્લા પ્રવાસ દરમ્યાન, સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ પ્રમાણે તૈયાર કરાવેલા સોનાના સિંહાસનમાં ઠાકોરજીની આરતી ઉતારી. ભાવનગરમાં તો મૂશળધાર વરસાદમાં પણ યોગીજી મહારાજે રોકાઈને મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. તે જ પ્રમાણે મહુવામાં શાસ્ત્રીજી મહારાજના ગુરુ ભગતજી મહારાજના જન્મસ્થાન પર તેયાર કરાવેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. ભારતના રાજપુરુષો, કેળવણીકારો, સામાજિક કાર્યકરો, સંતો, વિવિધ ધર્મના મહંતો, ઉદ્યોગપતિઓ, ડૉક્ટરો, વકીલો, દેશસેવકો એમ દરેક ક્ષેત્રના લોકોએ યોગીજી મહારાજના કાર્યની પ્રશંસા કરી.

ગોંડલમાં આવી છેલ્લા ત્રણ મહિના સ્થિર રહ્યા. ગોંડલમાં શરદ પૂર્ણિમાના સમૈયાને દિવસે અક્ષર દેરીની પાછળ, આરસના સુંદર સિંહાસન પર ગુરુ શાસ્ત્રીજી મહારાજની સુંદર આરસની પ્રતિમા(સ્ટેચ્યુ)ની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી. ગોંડલમાં રહીને સૌના સંકલ્પો પૂરા કર્યા. દરેક હરિભક્તને ગોંડલ બોલાવીને સુખ આપ્યું. નાના મોટા ઉત્સવો કરીને સૌને સ્મૃતિ આપી.

તેમણે એકાએક માંદગી ગ્રહણ કરી. તેમની અકળ લીલા કોઈ કળી શક્યું નહીં. માંદગી વધી. કેટલીક સારવાર મુંબઈ આપવી પડે તેમ હતી, તેથી તરત તેમને મુંબઈમાં સારવાર માટે લાવવામાં આવ્યા.

સંવત ૨૦૨૭ના પોષ વદ એકાદશી(તા. ૨૩-૧-૧૯૭૧)ના દિવસે બપોરે એક વાગે સૌને 'જય સ્વામિનારાયણ' કહીને એકાએક સ્વતંત્ર થકા દેહ છોડી અંતર્ધાન થયા.

તેમના દેહને વિમાન દ્વારા મુંબઈથી ગોંડલ લઈ જવામાં આવ્યો. ત્યાં પોષ વદ બારસને દિવસે તેમના દેહનું ષોડશોપચાર વિધિથી પૂજન કર્યું. ત્યારબાદ અક્ષર મંદિરની જમણી બાજુ પર આવેલા પ્રાંગણમાં એમના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. આ પ્રસંગે દેશ-વિદેશના હજારો ભક્તો અને

મહાનુભાવોએ અંતરનાં અશ્રુથી એમને અંતિમ અંજલિ આપી. આ જગ્યાએ સ્મૃતિ મંદિર છે.

## ૩૧. યોગીજીને શું ગમે ?

ધામમાં પધાર્યા ત્યાં સુધી યોગીજી મહારાજ હંમેશાં જાડાં કપડાં પહેરતા. સાદાઈ અને સેવા એમને ગમતાં. જમવાનું પણ સાદું. જમતી વખતે બધું લાકડાના પત્તરમાં ભેગું કરીને, અંદર પાણી નાખીને જમે. સારી રસોઈ કે મીઠાઈ બની હોય તે દિવસે ઉપવાસ કરે. મોઢું તો સદાય હસતું જ હોય. નાના મોટા સૌને બોલાવે. સૌની ખબર પૂછે. સૌની સાથે વાત કરે. બધાને આશીર્વાદ આપે. દરેકના દુઃખ દૂર કરવા મહારાજને પ્રાર્થના કરે. સ્વામિનારાયણનું ભજન અને માળા તો અખંડ ચાલુ જ હોય.

યોગીજી મહારાજને નાનાં બાળકો બહુ ગમે. બાળકોને હેતથી પાસે બોલાવે. પાસે બેસાડીને ધૂન બોલાવે :

*'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ;*
*આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ.'*

યોગીજી મહારાજ બાળકોને ભેગા કરી ભજનો બોલાવે. તેમને કીર્તનો અને સ્વામીની વાતો શીખવે. શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની વાતો કરે. ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો કહે. પૂજા અને આરતી કરતાં શીખવે અને વળી ખૂબ પ્રસાદ આપે.

યોગીજી મહારાજનો આદેશ કે દરેક યુવકે વહેલા ઊઠી જવું. ઊઠીને સ્વામિનારાયણનું સ્મરણ કરવું. નાહી-ધોઈને પૂજા કરવી. પછી ઠાકોરજીને દંડવત્ કરવા અને શિક્ષાપત્રીના પાંચ શ્લોક વાંચવા. પૂજા કરીને નિશાળનું લેસન કરવું. નિશાળમાં ભણતા વિદ્યાર્થીએ રોજ ચાર કલાક વાંચવું. કૉલેજમાં ભણતા હોઈએ તો રોજ આઠ કલાક વાંચવું. વડીલોને માન આપવું. મા-બાપને પગે લાગવું.

નિશાળમાં, કૉલેજમાં તિલક-ચાંદલો કરીને જવું. રોજ મંદિરે જવું. બાળ મંડળ, યુવક મંડળની સભામાં નિયમિત જવું. વચનામૃતો, સ્વામીની વાતો અને કીર્તનો મોઢે કરવાં. દૂધ-પાણી ગાળીને પીવાં. ચોરી કરવી નહીં. એકાદશીનો ઉપવાસ કરવો. કોઈની વસ્તુ લેવી નહીં. કોઈની નીચે પડેલી

વસ્તુ ઉપાડવી નહીં. બીડી, સિગારેટ પીવાં નહીં. ખોટું બોલવું નહીં. નાટક-સિનેમા જોવાં નહીં. હૉટલની કે બજારની વસ્તુ ખાવી નહીં.

## ૩૨. યોગીજી મહારાજનો ઉપદેશ

(૧) ભગવાન ભજી લેવા. હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, દરેક ક્રિયામાં ભગવાન ભજી લેવા.

(૨) નિત્ય બે વચનામૃત અને સ્વામીની દસ વાતોનો પાઠ કરવો.

(૩) મોઢે કરેલાં કીર્તન, વચનામૃત, વાતું વગેરે રોજ બોલી જવાં.

(૪) યુવકો ભેગા થઈએ ત્યારે જગતવાર્તા ન કરવી. ગોષ્ઠિ કરવી, કથા-વાર્તા કરવી, ભગવાન અને સંતની લીલા સંભારવી. મોટાપુરુષે જે વાત કરી હોય તેનું મનન, ચિંતવન કરવું.

(૫) પોતાના દોષ ટાળવા માટે ખટકો રાખવો. ક્રોધ તો આવવા દેવો જ નહીં. મોટાપુરુષ આગળ નિષ્કપટ થઈ જવું; તો દૃષ્ટિમાત્રે નિર્દોષ થઈ જવાય.

(૬) જ્ઞાન શીખે અને સેવા કરે તે વધતાં જાય. માટે નાની-મોટી દરેક સેવામાં મંડી પડવું. કથાવાર્તા સાંભળવાનું અંગ રાખવું.

(૭) *'નાનેસે હો નાના રહીએ, જૈસી નાની દૂબ;*
*ઘાસફૂસ સબ ઊડ ગયા, દૂબ ખૂબકી ખૂબ.'*

પાણીના પૂરમાં અટંટ ઊભેલાં આકડાનાં ઝાડ તણાઈ જાય. પણ નાની ધ્રો વાંકી નમી જાય છે તો તેના પરથી કેટલુંય પાણી ફરી જાય તોય તણાતી નથી. તેમ આપણે માન રાખીએ અટંટ થઈને ફરીએ તો સત્સંગમાં દેશકાળ લાગે. પણ નિર્માની થઈને નીચામાં નીચી સેવા કરવા મંડીએ તો દેહાભિમાન ન આવે અને સત્સંગમાં ટકી જવાય.

(૮) યુવકોએ સંપ, સુહૃદભાવ અને એકતા રાખવાં.

(૯) સમગ્ર સત્સંગને દિવ્ય માનવો. દરેક હરિભક્તમાં, સંબંધવાળામાં દિવ્યભાવ રાખવો. પોતાને જે પ્રગટ સ્વરૂપ મળ્યું છે તેને નિર્દોષ સમજવું. ભગવાન અને ભગવાનના ભક્તનો અભાવ, અવગુણ તો લેવો જ નહીં.

(૧૦) ઠઠ્ઠામશ્કરી ન કરવાં. છોણિયાપણું (તોફાનીપણું) ન રાખવું. શાંત

સ્વભાવ કેળવવો.

(૧૧) પારકી ક્રિયા, પારકો આકાર અને પારકા દોષ ન જોવાં. આપણી પોતાની ક્રિયા અને દોષ તપાસવાં.

(૧૨) ખમવું. વચનનો અને દેહનો ભીડો ખમતાં શીખવું. જે ભક્ત ભીડો ખમે, તેના પર ભગવાન અને સંત રાજી થાય છે.

(૧૩) જ્યાં ત્યાં, જેવું તેવું અને જેમ તેમ ચલાવી લેતાં શીખવું. કોઈ વસ્તુ માટે તકરાર ન કરવી.

(૧૪) આપણે અગ્નિ જેવા થવું, પણ પાણી જેવા ન થવું. અગ્નિમાં જે રંગ નાખીએ તે અગ્નિના રંગ જેવો થઈ જાય. પણ પાણીમાં જે રંગ નાખીએ, તે તરત પાણીનો રંગ બદલી નાખે. તેમ આપણા રંગે બીજાને રંગી નાખવા, પણ બીજાના રંગે આપણે રંગાવું નહીં.

(૧૫) શહેરમાં રહેવું તે નીચી દૃષ્ટિ રાખીને ચાલવું. આપણને શહેરનો ડાઘ ન અડવો જોઈએ. શહેરીને ફેલ વધુ હોય. આપણે ફેલથી અળગા રહેવું. નિત્ય મંદિરે જવું. ભગવાન અને સંતને પ્રધાન રાખવા, જેથી શહેરમાં રહે તો પણ બાધ ન આવે.

(૧૬) સાધુ થવું, સાધુતા શીખવી અને સ્વભાવ મૂકવા. સાધુતા શું ? ખમવું. સ્વભાવ એવા પાડવા જેથી છાપ પડે.

(૧૭) દાસના દાસ થવું એ સૌથી મોટી પદવી છે. માટે પતરાવળાં ઉપાડવાં, વાસણ ઊટકવાં, હરિભક્તોનાં કપડાં ધોઈ દેવાં, મંદિરનાં પાયખાનાં ધોવાં અને ચોકા સાફ કરવા. મોટા સાહેબ થઈએ તો પણ સેવા કરવી. આ મોક્ષની કવાયત છે, તે શીખવી.

(૧૮) અહિંસા તથા બ્રહ્મચર્ય પાળવાં. પોતાના આત્માને 'ગુણાતીત છું, અક્ષર છું, બ્રહ્મ છું' એમ માનવો.

(૧૯) ત્રણ વસ્તુ નિત્ય છે – ધામ, ધામી અને મુક્ત. શ્રીજીમહારાજ પરબ્રહ્મ પુરુષોત્તમ છે; સર્વ અવતારના અવતારી છે; કર્તા, સાકાર, સર્વોપરી અને પ્રગટ છે. ગુણાતીતાનંદ સ્વામી અનાદિ મૂળ અક્ષરમૂર્તિ છે, શ્રીજીમહારાજને રહેવાનું ધામ છે. અને પ્રગટ સત્પુરુષ એ મોક્ષનું દ્વાર છે. એમ દૃઢતા રાખવી.

## ૩૩. પ્રમુખસ્વામી મહારાજ

સંવત ૨૦૦૬માં અમદાવાદમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પોતાના સ્થાને, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા'ના પ્રમુખપદે નિમણૂક કરી ચાદર ઓઢાડી, અને સૌ હરિભક્તોને શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની આજ્ઞામાં રહેવાની આજ્ઞા કરી. તે વખતે તેમની ઉંમર ફક્ત અઠ્ઠાવીશ વર્ષની જ હતી. ત્યારથી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી 'પ્રમુખસ્વામી'ના નામે ઓળખાતા થયા.

આ પ્રસંગની નોંધ યોગીજી મહારાજે તેમની ડાયરીમાં આ પ્રમાણે કરી છે: ''સ્વામીએ દૃષ્ટિ કરી, 'મારે એમને જ સંસ્થાના પ્રમુખ કરવા છે' તે અમદાવાદમાં કર્યા. તે પછી હું પાસે બેઠો હતો. સ્વામી મુને કહે: 'તમો તેમના પર હાથ મૂકો. તમારા જેવા ગુણ આવે.' તે મેં હાથ મૂક્યો. તેથી સ્વામીએ કહ્યું: 'આપે હાથ મૂક્યો તે મારો હાથ પણ તેમાં આવી ગયો.' આમ, સ્વામીએ હાથ મુકાવ્યો. સ્વામી ખૂબ રાજી થયા.''

ત્યારથી પ્રમુખસ્વામી મહારાજે યોગીજી મહારાજની આજ્ઞા પ્રમાણે આપણી સંસ્થા અને સંપ્રદાયની સેવા રાત-દિવસ કરી છે. પ્રમુખસ્વામી મહારાજની ૪૮મી જન્મ જયંતી મુંબઈમાં સૌ સંતો-હરિભક્તોએ ઊજવી, ત્યારે યોગીજી મહારાજે કહ્યું હતું કે 'શાસ્ત્રીજી મહારાજની તેમના પર નાનપણથી દૃષ્ટિ પડી ગઈ હતી. તેમને પ્રમુખ તરીકે નીમ્યા. કેવો સત્સંગ વધાર્યો ! કેવા સાધુ કર્યા ! સૌએ પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું. પ્રમુખસ્વામી તો શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે. એમાં રોમનો ફેર નથી એવો દિવ્યભાવ રાખવો. આપણે સાતસો સાધુ કરવા છે; તે પ્રમુખસ્વામી દ્વારા થશે.' આવી અગમવાણી યોગીજી મહારાજે પહેલેથી જ પ્રમુખસ્વામી મહારાજ માટે ઉચ્ચારી હતી.

છેલ્લી માંદગી દરમિયાન યોગીજી મહારાજ આપણને કહેતા ગયા છે: 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે. તમને સૌને હવે તેમના દ્વારા સુખ મળશે.'

યોગીજી મહારાજના અનુગામી તરીકે પ્રમુખસ્વામી મહારાજે ૯૫ વર્ષની વય સુધી સૌને દિવ્ય છત્ર આપ્યું. આજે આપણા સૌના ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ છે. તેમને પ્રસન્ન કરીને શ્રીજીમહારાજની પ્રસન્નતાનો અનુભવ કરીએ.